RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 284, Dt.19-01-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# વડોદરામાં સર્જાયેલી કરૂણાંતિકામાં ૧૮ વિરૂધ્ધ ફરિયાદ દાખલ

## આ દુર્ઘટનામાં ૧૫ ભુલકાઓ અને બે શિક્ષિકાઓ મોતને ભેટયાઃ હાઈકોર્ટમાં સુઓમોટો દાખલ કરવાની રજુઆતનો સ્વીકારઃ બેદરકારીને કારણે નિર્દોષ બાળકોના જીવ ગયા તે સાંખી નહીં લેવાઈઃ ગુજરાત હાઈકોર્ટ



**મુખ્ય સમાચાર, વડોદરા**

વડોદરાના ગુરુવારે હરણી તળાવમાં ૨૭ લોકોને લઈને જતી એક હોડી પલટી મારી ગઈ હતી. આ ઘટનામાં મૃત્યુઆંક વધીને ૧૭ થઈ ગયો છે જેમાં ૧૫ બાળકો અને બે શિક્ષકોનો સમાવેશ થાય છે. આ મામલો હવે ગુજરાતા હોઈકોર્ટ સુધી પહોંચ્યો છે. હાઈકોર્ટમાં સુઓમોટો દાખલ કરવાની રજૂઆતનો સ્વીકાર કરવામાં આવ્યો છે. હાઈકોર્ટે ઝાટકણી કાઢતા કહ્યું કે,' બેદરકારીના કારણે નિર્દોષ બાળકોના જીવ ગયા તે સાંખી નહીં લેવાય.'

વડોદરામાં હરણી લેકઝોનમાં બોટ દુર્ઘટના બાબતે મેસર્સ કોટીયા પ્રોજેકટના સંચાલકો વિરૂધ્ધમા બેદરકારી તથા નિષ્કાળજી દાખવવા બાબતેનો ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી કરતી હરણી પોલીસ હરણી પોલીસ દ્વારા કરવામાં આવી છે.

આ અંગેની પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ હરણી લેકઝોન ખાતે સાંજના સાડા ચાર વાગ્યાના સુમારે ન્યુ સનરાઇઝ સ્કુલ વાઘોડીયા રોડ વડોદરા શહેરના સ્કુલના બાળકો તથા શિક્ષિકાઓ પીકનીક માટે આવેલ અને લેકઝોનના બોટ રાઇડમાં મેસરર કોટીયા પ્રોજેકટના સંચાલકોએ તથા કર્મચારીઓએ તેઓના લેકઝોન ખાતે આવેલ બોટમાં વધુ સંખ્યામાં બાળકો તથા શિક્ષિકાઓને બોટીંગ રાઈડસમા યોગ્ય સમારકામ, મેન્ટનન્સ,લાઇફ જેકેટ, સેફટીના સાધનો તથા અન્ય સુરક્ષાના સાધનો જેવા કે બોયા, રીંગ, દોરડા તેમજ જરૂરી સૂચના જાહેરાત બોર્ડ નહી લગાડી તેમજ બોટીંગ ચાલુ કરાવતા પહેલા જરૂરી સૂચનાઓ નહી આપી તથા બોટમા ક્ષમતા કરતા



વધારે બાળકોને બેસાડી અને અમુક બાળકોને લાઇફ જેકેટ પહેરાવ્યા વગર બેસાડી ગુનાહિત ગંભીર બેદરકારી અને નિષ્કાળજી દાખવતા જાનહાનિ તથા નાની મોટી ગંભીર ઇજાઓ તથા બોટમાં બેસેલા લોકોના મૃત્યુ નિપજશે તેવી સંભાવના તથા જાણકારી હોવા છતા માનવ જીદગી જોખમાય તે રીતેના કૃત્યો કરી ૧૨ બાળકો તથા ૨ શિક્ષિકાઓના મૃત્યુ નિપજાવાની તથા અન્ય બાળકો તથા શિક્ષિકાઓને નાની મોટી ઇજાઓ પહોંચાડી દુઃખદ ઘટના ને અંજામ આપી ગુનો કર્યા અંગેનો બનાવ અનુસંધાને મે પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગહેલોત સા. તથા અંધીક પોલીસ કમિશ્નર મનોજ નિનામાં તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૦૪ પન્ના મોમાયા તથા મદદનીશ પોલીસ કમિશ્નર એચ ડીવીઝન બી.જી.બભાણીયા નાઓ તરફથી માર્ગ દર્શન તથા સુચના મુજબ મેસર્સ કોટીયા પ્રોજેકટના સંચાલકો બીનીત કોટીયા ઉ.વ.૩૨ રહે.૧૦, નિલકંઠ બંગલોજ, તક્ષ કોમ્પલેક્ષ વાસના રોડ વડોદરા. હિતેષ કોટીયા ઉ.વ.૫૫ રહે. ૧૦,નિલકંઠ બંગલોજ, તક્ષ કોમ્પલેક્ષ વાસના રોડ વડોદરા, ગૌપાલદાસ શાહ ઉ.વ.૫૮ રહે.પી/૩ વૈકુઠ ફ્લેટ વી.આઇ.પી.રોડ કારેલીબાગ વડોદરા, વત્સલ શાહ ઉ.વ.૨૫ રહે એન/૨૦ પાર્વતીનગર સોસાયટી સ્વામીનારાયણ નગર -૪ સામે હરણી રોડ વડોદરા શહેર૨૫) દિપેન શાહ ઉ.વ.૨૪ રહે.૬૪,પુનિતનગર જી.આઇ.બી. કોલોની,જુના પાદરા રોડ વડોદરા(ક)ધર્મીલ શાહ ઉ.વ.૨૭ રહે. ૬૪, પુનિતનગર જી.આઇ.બી. કોલોની,જુના પાદરા રોડ વડોદરા, રશ્મિકાંત સી. પ્રજાપતિ ઉ.વ.૪૬ રહે. ૩૮, કર્મવીરવિલા સંતરામ ડેરી રોડ વડોદરા, જતીનકુમાર હરીલાલ દોશી ઉ.વ.૬૪ રહે.૪, અયોધ્યાપુરી સોસાયટી ભાદરવા ચોકડી સાવલી વડોદરા. નેહા ડી.દોશી ઉ.વ.૩૦ રહે.૪,અયોધ્યાપુરી સોસાયટી ભાદરવા ચોકડી સાવલી વડોદરા, તેજલ આશિષકુમાર દોશી ઉ.વ.૪૬ રહે. ૨૪, વજવિહાર સોસાયટી એરપોર્ટ, હરણી રોડ વડોદરા. ભીમસિંગ કુડિયારામ યાદવ ઉ.વ.૩૬ રહે. બી/ ૧૪ વલ્લભ ટાઉનશિપ લખુલેશનગર, આજવારોડ વડોદરા, વૈદ પ્રકાશ યાદવ ઉ.વ.૫૦ રહે.એ/૩ વલ્લભ ટાઉનશિપ લખુલેશનગર, આજવારોડ વડોદરા, ધર્મીન ભટાણી ઉ.વ.૩૪ રહે.૩૪,અંબે સોસાયટી સનસાઇન હોસ્પિટલ,દિવાળીપુરા વડોદરા, નુતનબેન પી.શાહ ઉ.વ.૪૮ રહે,એન/૨૦, પાર્વતીનગર,સ્વામીનારાયણ નગર-૪,હરણી રોડ વડોદરા વગેરેનો સમાવેશ થાય છે.

### અધિક પોલીસ કમિશનર મનોજ નિનામાના અધ્યક્ષ સ્થાને SITની રચનાઃ હરણી તળાવ સીલ કરાયું

હરણી બોટ દુર્ઘટનાની તપાસ માટે વડોદરા શહેર પોલીસ કમિશનરે SITની રચના કરી છે. ૭ પોલીસ અધિકારીઓનો આ ટીમમાં સમાવેશ થાય છે. હરણી તળાવ દુર્ઘટના બાબતે દાખલ થયેલ ગુનાની તટસ્થ અને સચોટ તપાસ કરવા અધિક પોલીસ કમિશનરના અધ્યક્ષ સ્થાને સીટની રચના કરવામાં આવેલ છે અને ગુનાની તપાસ ACP ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવેલ છે. જયાં સુધી તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી વડોદરાના હરણી તળાવને સીલ કરવાની જાહેરાત મનપાના મેયરે કરી હતી.

# કોંગ્રેસને વધુ એક ફટકોઃ ધારાસભ્ય સી.જે. ચાવડાનું રાજીનામુ

## ભાજપમાં જોડાઈને લોકસભાની ચૂંટણી લડે તેવી સંભાવનાઃ ધારાસભામાં કોંગ્રેસનું સંખ્યાબળ ફકત ૧૫નું રહ્યું

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ઉત્તર ગુજરાતના વીજાપુરના કોંગી ધારાસભ્ય સી.જે. ચાવડાએ આજે ધારાસભ્ય પદેથી રાજીનામુ ધરી દેતા કોંગીને વધુ એક ફટકો લાગ્યો છે. તેમણે ગૃહના અધ્યક્ષ શંકર ચૌધરીને રાજીનામા પત્ર સુપ્રત કર્યો છે.

સી.જે. ચાવડા કોંગીના પ્રથમ હરોળના આગેવાન અને સિનિયર ધારાસભ્ય છે. તેઓ અગાઉ ગાંધીનગરથી



ધારાસભ્ય પદે રહી ચૂકયા છે કોંગી સંગઠનમાં પણ તેમણે મહત્વની ભૂમિકા ભજવી છે આજેતેમણે કોંગ્રેસ અને ધારાસભ્ય પદ છોડી રાજયના રાજકારણમાં ચર્ચા જગાવી છે.

સી.જે. ચાવડા વર્તમાન ટર્મમાં રાજીનામુ આપનરા બીજા કોંગી ધારાસભ્ય છે. થોડા દિવસો પહેલા (ખંભાત)ના (આણંદ) ધારાસભ્ય ચિરાગ પટેલએ રાજીનામુ આપ્યું હતુ. ૨૦૨૨ માં ૧૭ કોંગી ધારાસભ્ય ચૂંટાયેલા તેમાથી હવે ૧૫ રહ્યા છે હજુ કોઇના રાજીનામાની સંભાવના નકારાતી નથી વિસાવદરના ધારાસભ્યએ પણ રાજીનામુ આપી દીધું છે. ધારાસભ્ય ગૃહના ૧૮૨ પૈકી ૩ સભ્યોની બેઠક ખાલી પડી છે. લોકસભાની ચૂંટણી સાથે ધારાસભાની પેટાચૂંટણી આવે તેવી શકયતા છે સભ્યો વધુ એક ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડયું છે.

# ભાજપનું તા.૪થી ૧૧ ફેબ્રુઆરી 'ગાંવ ચલો અભિયાન'

## દેશભરમાં વડાપ્રધાન મોદીની લોકસભાની ચૂંટણી પહેલાં ૧૪૦ સભાઓ યોજાવાની સંભાવના

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતિય જનતા પાર્ટી 'ગાંવ ચલો અભિયાન' શરૂ કરવાની તૈયારી કરી રહી છે આ અભિયાન ૪ થી ૧૧ ફેબ્રુઆરી સુધી ચાલશે અને તેનું ફોકસ ગામડાઓ પર રહેશે. આ સમયગાળા દરમિયાન દેશના ૭ લાખ ગામડાઓમાં ઓછામાં ઓછો એક ભાજપ કાર્યકર હાજર રહેશે. ભાજપના કાર્યકરો વતી ગામડાના લોકોને જણાવવામાં આવશે કે નરેન્દ્ર મોદી સરકારે વિકાસ માટે શું પગલાં લીધા છે. તેમજ ભાજપના કાર્યકરો દેશભરના તમામ શહેરી બૂથ પર પહોંચીને લોકોને વિકાસના કામોની જાણકારી આપશે. ઈન્ડિયન એક્સપ્રેસના



અહેવાલ મુજબ આ દરમિયાન ભાજપના કાર્યકર્તાઓ રામ મંદિર નિર્માણ અંગે પણ ચર્ચા કરશે.

ભાજપે આ વર્ષે યોજાનારી લોકસભાની ચૂંટણી પહેલા આ મોટું અભિયાન ચલાવવાની યોજના બનાવી છે. પીએમ મોદી આ સમયગાળા દરમિયાન દેશભરમાં ૧૪૦ થી વધુ જાહેરસભાઓ કરી શકે છે. ગાંવ ચલો અભિયાન હેઠળ પાર્ટીને દરેક બૂથ પર લગભગ ૫૧% વોટ મળવા જોઈએ તેવો લક્ષ્ય રાખવામાં આવ્યો છે. જો ૨૦૧૯ની ચૂંટણીમાં આ લક્ષ્યાંક હાંસલ કરવામાં આવે તો આ વખતે તેને વધુ આગળ લઈ જવું પડશે. એવું જાણવા મળે છે કે ભાજપે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં પણ આ પ્રકારનું અભિયાન ચલાવ્યું હતું. એવું માનવામાં આવે છે કે મતદારો સાથે જોડવામાં પાર્ટીને પણ આનો ફાયદો થયો.

પ્રચાર માટે ટીમો બનાવવાની પદ્ધતિ પક્ષના રણનીતિકારો દ્વારા નક્કી કરવામાં આવી છે.આ પ્રચાર માટે ટીમો બનાવવાની પદ્ધતિ નક્કી કરવામાં આવી છે. આ અંતર્ગત રાજ્ય કક્ષાની ટીમો બનાવવામાં આવશે જેમાં એક કન્વીનર અને ચાર કો-કન્વીનર હશે. જિલ્લા કક્ષાની ટીમોમાં એક કન્વીનર અને બે કો-કન્વીનર હશે. વિભાગીય ટીમોમાં એક સંયોજક અને એક કો-ઓર્ડિનેટર હશે. ગ્રામ્ય અને શહેરી ટીમોના સંયોજક હશે. આ ઝુંબેશ ૧૧મી ફેબ્રુઆરીએ પુરી થયા પછી પણ કાર્યકરોની જવાબદારીઓ ખતમ થશે નહીં. ગ્રામ્ય કે શહેરી બૂથ પર જનારા કાર્યકર્તાએ લોકસભાની ચૂંટણી પૂરી થાય ત્યાં સુધી ૧૫ દિવસમાં એકવાર ત્યાં મુલાકાત લેવાની રહેશે.

# પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે કેન્દ્રીય કચેરીઓમાં અઢી વાગ્યા સુધી રજા, કેન્દ્ર સરકારે કરી જાહેરાત

## પ્રાણ પ્રતિષ્ઠા માટે પાંચ રાજ્યમાં આખા દિવસની રજા જાહેર કરાઈ ચૂકી છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અયોધ્યા નગરીમાં ભવ્ય રામ મંદિરમાં થનારા રામલલાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને પૂરજોશમાં તૈયારી ચાલી રહી છે તેમજ દેશભરમાં રામ ભક્તોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે કેન્દ્ર સરકારે એક મોટી જાહેરાત કરી છે. જેમાં ૨૨ જાન્યુઆરીએ રામલલાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સના દિવસે કેન્દ્રિય સરકારની કચેરીઓ અડધા દિવસ માટે બંધ રહેશે. કેન્દ્રીય રાજ્ય મંત્રી જિતેન્દ્ર સિંહે આ માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે આ નિર્ણય જનભાવનાઓને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે.

કેન્દ્ર સરકારે પોતાના આદેશમાં કહ્યું છે કે ''અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીએ યોજાનારા રામલલાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને સમગ્ર ભારતમાં ઉજવવામાં આવશે'' કર્મચારીઓ આ મહોત્સવમાં



ભાગ લઈ શકે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે કે સમગ્ર ભારતમાં કેન્દ્ર સરકારની તમામ કચેરીઓ, કેન્દ્રીય સંસ્થાઓ અને કેન્દ્રીય ઔદ્યોગિક સંસ્થાઓ ૨૨ જાન્યુઆરીએ બપોરે ૨:૩૦ વાગ્યા સુધી અડધા દિવસ માટે બંધ રહેશે. ઉલ્લેખનીય છે કે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને ધ્યાનમાં રાખીને ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, ગોવા, હરિયાણા અને છત્તીસગઢમાં આખા દિવસની રજા જાહેર થઈ ચૂકી છે ત્યારે હવે ગુજરાત સરકારના નિર્ણય તરફ મીટ મંડાઈ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રી રામ જન્મભૂમિ મંદિર પર સ્મારક ટપાલ ટિકિટ બહાર પડી છે.સાથે વિશ્વભરમાં ભગવાન રામ પર જાહેર કરીલી ટિકિટોની એક પુસ્તકનું પણ વિમોચન કર્યું હતું. વડાપ્રધાને કુલ છ ટપાલ ટિકિટ બહાર પાડી, જેમાં રામ મંદિર, ભગવાન ગણેશ, હનુમાન, જટાયું, કેવટરાજ અને માતા શબરીનો સમાવેશ થાય છે. ૪૮ પાનાના પુસ્તકમાં અમેરિકા, ન્યુઝીલેન્ડ, સિંગાપોર, કેનેડા, કંબોડિયા અને સંયુક્ત રાષ્ટ્ર જેવા સંગઠનો સહિત ૨૦થી વધુ દેશો દ્વારા જાહેર કરાયેલ ટપાલ ટિકિટોનો સમાવેશ થાય છે.

# બિલકિસ બાનો કેસમાં ગુનેગારોને બે દિવસમાં સરેન્ડર કરવાનો સુપ્રીમનો આદેશ

## તમામ આરોપીઓને ૨૧ જાન્યુઆરી સુધીમાં સરેન્ડર કરવાનો સમય અપાયો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બિલકિસ બાનો કેસના દોષિતોને સુપ્રીમ કોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે જેમાં સુપ્રીમ કોર્ટે બિલકિસ બાનોના ૧૧ દોષિતોએ આત્મસમર્પણ કરતા પહેલા વધુ સમય આપવા માટે દાખલ કરેલી અરજીને ફગાવી દીધી છે. આ દોષિતોએ ગુરુવારે વ્યક્તિગત કારણોને ટાંકીને આત્મસમર્પણનો સમયગાળો વધારવાની માંગ કરી હતી. હવે સુપ્રીમ કોર્ટે પોતાના જૂના આદેશ મુજબ તમામ આરોપીઓને ૨૧ જાન્યુઆરી સુધીમાં સરેન્ડર કરવાનો આદેશ આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે દોષિતોને આત્મસમર્પણ માટે વધુ સમય આપવાનો ઇનકાર કરીને આત્મસમર્પણ કરવા માટે સમય વધારવાની માગણી કરેલી અરજીને ફગાવી દીધી હતી. હવે તમામ દોષિતોને



૨૧ જાન્યુઆરી સુધીમાં આત્મસમર્પણ કરવું પડશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે ૧૧ દોષિતોએ આત્મસમર્પણ માટેનો સમય લંબાવવા માટે જે કારણો આપ્યા છે તેમાં કોઈ તથ્ય નથી. આ પહેલા તમામ દોષિતોએ કૌટુંબિક જવાબદારીઓ અને સ્વાસ્થ્યના કારણોને ટાંકીને સુપ્રીમ કોર્ટમાં આત્મસમર્પણનો સમયગાળો વધારવાની માંગ કરી હતી. જેમાં કેટલાક દોષિતોએ ૪ અઠવાડિયાનો જ્યારે કેટલાક દોષિતોએ ૬ અઠવાડિયાનો સમય માંગ્યો હતો.

અગાઉ આ તમામ દોષિતો ૨૦૦૨ના ગુજરાત રમખાણો દરમિયાન બિલ્કીસ બાનો પર ગેંગરેપ અને તેના પરિવારના સભ્યોની હત્યાના કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યા હતા, પરંતુ ઓગસ્ટ ૨૦૨૨માં ગુજરાત સરકારે તેમની સજા માફ કરી તમામ દોષિતોને જેલમાંથી મુક્ત કરી દીધા હતા, જેના બાદ સુપ્રીમ કોર્ટે ૦૮ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ એક મહત્વનો ચુકાદો આપ્યો હતો. જસ્ટિસ બી.વી. નાગરથના (ઇ. ટ. ગફલફફિવિક્ષફ)ની બેન્ચે આ કેસમાં તમામ ૧૧ દોષિતોને નિર્દોષ છોડવાના ગુજરાત સરકારના નિર્ણયને રદ કર્યો હતો, ઉપરાંત સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં દોષિતોને બે અઠવાડિયામાં આત્મસમર્પણ કરવા પણ કહ્યું હતું.

૨૦૦૨માં ગોધરા ટ્રેન અગ્નિકાંડ બાદ થયેલા રમખાણો દરમિયાન બિલકિસ બાનો સાથે ગેંગરેપ કરવામાં આવ્યો હતો અને તેમના પરિવારના ૭ સભ્યોની હત્યા કરી દેવામાં આવી હતી. ઘટના સમયે બાનોની ઉંમર ૨૧ વર્ષ હતી. ૨૧ જાન્યુઆરી ૨૦૦૮ના રોજ CBIની વિશેષ અદાલતે ૧૧ લોકોને દોષી ઠેરવતા આજીવન કેદની સજા સંભળાવી હતી. ગયા વર્ષે ૧૫ ઓગષ્ટના રોજ ગુજરાત સરકારે તમામ દોષિતોને જેલમાંથી મુક્ત કરી દીધા હતા.

# જમ્મુ-કાશ્મીરના નૌશેરામાં LOC નજીક ભયાનક બ્લાસ્ટ, એક અગ્નિવીર શહીદ, ૨ જવાન ઘાયલ

## સેનાના જવાનો એલઓસી નજીક પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે લેન્ડમાઈન બ્લાસ્ટ થયો હતો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લાના નૌશેરામાં એલઓસી પર લેન્ડમાઈન બ્લાસ્ટના કારણે સેનાનો એક જવાન શહીદ અને બે જવાન ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઘટના સવારે ૧૦:૩૦ વાગ્યે ફોરવર્ડ ડિફેન્સ લાઇનથી લગભગ ૩૦૦ મીટર દૂર ૮૦મી ઇન્ફન્ટ્રી બ્રિગેડ હેઠળની ૧૭મી શીખ લાઇટ બટાલિયનના એરિયા ઑફ રિસ્પોન્સિબિલિટીમાં બની હતી.

અહેવાલ અનુસાર, આ દુર્ઘટના ત્યારે થઈ જ્યારે સેનાના જવાનો



એલઓસી પાસે પેટ્રોલિંગ કરી રહ્યા હતા. આ દરમિયાન એક જવાનનો પગ લેન્ડમાઈન પર પડતા બાસ્ટ થયો હતો. જેમાં પંજાબના લુધિયાણા જિલ્લાના રહેવાસી અગ્નવીર અજય સિંહ શહીદ થયા હતા. આ ઘટનામાં ગંભીર રીતે ઘાયલ થયેલા બે જવાનોને આર્મીના એમઆઈ રૂમમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેમને એરલિફ્ટ કરીને આર્મી કમાન્ડ હોસ્પિટલ, ઉધમપુર લઈ જવામાં આવ્યા હતા.ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે ૨૧ ડિસેમ્બરના રોજ આતંકવાદીઓએ જમ્મુ-કાશ્મીરના પુંછ જિલ્લાના થાનામંડી-સુરનકોટ રોડ પર સૈનિકોને લઈ જઈ રહેલા ટ્રક પર હુમલો કર્યો હતો. આ હુમલામાં પાંચ જવાન શહીદ થયા હતા.

# એડનની ખાડીમાં ચાંચિયાઓનો ડ્રોન વડે હુમલો, નૌસેનાએ નવ ભારતીય સહિત ૨૨ને બચાવ્યા

## ભારતીય નૌસેનાએ મધ્યરાત્રિએ આવેલા મદદના કોલ પર કાર્યવાહી કરી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

એડનની ખાડીમાં થયેલા ડ્રોન હુમલાના મામલે ભારતીય નૌસેના પાસેથી મદદ માંગવામાં આવી હતી, નૌસેનાએ એક નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે મધ્યરાત્રિની આસપાસ ઈમરજન્સી કોલ પર ઈંગજ વિશાખાપટ્ટનમ પર તૈનાત અધિકારીઓએ જવાબી કાર્યવાહી કરી હતી.

ભારતીય નૌસેનાએ કહ્યું કે ઈઅગજ વિશાખાપટ્ટનમ એડનની ખાડીમાં મિશન પર તૈનાત છે. બુધવારે રાત્રે લગભગ ૧૧.૧૧ વાગ્યે ચાંચિયાઓ દ્વારા ડ્રોન દ્વારા નિશાન બનાવીને હુમલો કરવાની માહિતી મળી હતી. માર્શલ આઇલેન્ડ ધ્વજવાળા



આ વેપારી જહાજ એમવી જેન્કો પિકાર્ડીએ ભારતીય નૌસેના પાસે મદદ માંગી હતી, જેમાં કાર્યવાહી કરીને યોગ્ય જવાબ આપવામાં આવ્યો હતો. નૌસેનાએ પોતાના નિવેદનમાં વધુમાં કહ્યું હતું કે INS વિશાખાપટ્ટનમ મિસાઈલને નષ્ટ કરવાની ક્ષમતા ધરાવે છે.

નૌસેનાએ કહ્યું કે એડનની ખાડીમાં ચાંચિયાઓ પર નજર રાખવા માટે તૈનાત INS વિશાખાપટ્ટનમ મિશન મોડમાં કામ કરે છે. એડનના અખાતમાં હુમલાના ખતરા સંબંધમાં આવેલા કોલ પર તરત જ જવાબ આપતા, નૌસેનાએ લગભગ એક કલાક પછી વેપારી જહાજને શોધી કાઢ્યું હતું અને રાત્રે લગભગ ૧૨.૩૦ વાગ્યે, આ વેપારી જહાજ- એમવી જેન્કો પિકાર્ડીને મદદ કરવામાં આવી હતી. નૌસેનાએ કહ્યું કે જહાજમાં કુલ ૨૨ ક્રૂ મેમ્બર સવાર હતા, જેમાં નવ ભારતીયો પણ સામેલ હતા. હુમલાનો યોગ્ય જવાબ આપવામાં આવ્યો અને જહાજને ચાંચિયાઓથી સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યું હતું.

# જામનગરના મહેશ્વરીનગરમાં ત્રણ મકાનમાં ચોરી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ઈન્દિરા માર્ગ પર ફોરેસ્ટ ઓફિસ નજીકના મહેશ્વરીનગરમાં ત્રણ મકાનમાં તસ્કર ચોરી કરી ગયા છે. બે મકાનમાંથી અંદાજે છ તોલા દાગીના તથા એક મકાનમાંથી બે મોબાઈલની ચોરી કરી લેવામાં આવી છે. પોલીસે તસ્કરોના સગડ દબાવ્યા છે.



જામનગરના ઈન્દિરા માર્ગ પર આવેલા મહેશ્વરીનગરના ચોકમાં વસવાટ કરતા માયાભાઈ પીઠાભાઈ ગોહિલ તથા બાજુમાં આવેલા પ્રવીણભાઈ પરમાર નામના બે આસામીના મકાન એકાદ દિવસ માટે બંધ હતા.તે મકાનોમાં મુખ્ય દરવાજાના નકૂચા તોડી કોઈ તસ્કરો ઘૂસ્યા હતા. તે પછી અંદરના ઓરડાના તાળા તથા નકૂચા તોડી નાખી તસ્કરોએ તિજોરી પણ તોડી હતી. જેમાં માયાભાઈના મકાનમાંથી ચાર તોલા સોનાના દાગીના તથા બાજુમાં આવેલા પ્રવીણભાઈના મકાનમાંથી બે તોલા વજનના સોનાના દાગીના ચોરી કરી લેવામાં આવ્યા છે.તે ઉપરાંત બાજુમાં જ આવેલા લક્ષ્મીબેનના ખુલ્લા મકાનમાં પણ તસ્કરોએ હાથફેરો કર્યો છે. ત્યાંથી રૂા.૬ હજારની કિંમતના બે મોબાઈલ ચોરી લેવાયા છે. કુલ રૂા.૧ લાખ ૮૬ હજારની મત્તાની ચોરી થયાની માયાભાઈએ સિટી-બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પીએસઆઈ ઝેડ.એમ. મલેકે આઈપીસી ૩૮૦ તથા ૪૫૪ હેઠળ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

# ટંકારામાં લાંચ લેતો કોમ્પ્યુટર ઓપરેટર ઝડપાયો

## ટંકારામાં સરકારી યોજનાના ફોર્મ ભરવામાં નિયત કરતા વધુ ફીના ઉઘરાણા કરનારને એસીબી ટીમે ઝડપી લીધો

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારામાં કોમન સર્વિસ સેન્ટર ચલાવતા ઇસમે સરકારી યોજનાના ફોર્મ ભરવામાં નક્કી કરેલ ફી કરતા વધુ રકમના ઉઘરાણા કરવામાં આવતા હોય જે મામલે એક જાગૃત નાગરિકની ફરિયાદને પગલે એસીબી ટીમે સ્થળ પર તપાસ કરતા વધુ રકમના ઉઘરાણા થતા હોવાનું ફલિત થતા એસીબી ટીમે એક ઈસમને ઝડપી લઈને ૨૦૦ રૂપિયાની રોકડ રકમ જપ્ત કરી છે.

ટંકારાના લતીપર રોડ પર આવેલ દ્વારકાધીશ કોમ્પેલક્ષમાં કોમન સર્વિસ સેન્ટર ચલાવતા જીતેન્દ્રકુમાર પ્રવિણભાઇ ચોહાણ નામનો ઇસમ કેન્દ્ર અને રાજ્ય સરકારની



કોઈપણ યોજનાઓના/સહાયનો લાભ લેવા માટે ઓનલાઇન અરજી કરી આપવાનુ અને પોતે ઈજઈ નુ પ્રમાણપ્રત્ર ધરાવતા હોય જે અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા જાહેર થયેલ પી.એમ. વિશ્વકર્મા યોજના અંતર્ગત અરજી કરવા આવતા અરજદારોને ઓનલાઇન અરજી કરવા પેટે દરેક ઓન લાઇન ફોર્મ ઉપર આરોપીને સરકારશ્રી તરફથી ફોર્મ દીઠ મહેનતાણુ ચુકવવામાં આવતુ હોય જે બાબતે કેન્દ્ર સરકાર તરફથી જારી થયેલ માર્ગદર્શિકાની પુસ્તિકા ભારત સરકાર સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉધોગો મંત્રાલય પીએમ વિશ્વકર્મા અમલીકરણ માટેની માર્ગદર્શિકાના પેરા નંબર-૫.૧.૫માં (પીએમ વિશ્વકર્મા હેઠળ નોંધણી માટે કોઇ ફી અથવા શુલ્ક લેવામાં આવશે નહી. યોજના હેઠળ સી.એસ.સી. દ્વારા નોંધણીનો સંપુર્ણ ખર્ચ અને ત્યારબાદની નોંધણી અને પ્રમાણપત્ર/ઓળખપત્ર જારી કરવાનો ખર્ચ સરકાર દ્વારા ઉઠાવવામાં આવશે.) તેવી સ્પષ્ટ માર્ગદર્શન હોવા છતા આ કામના આરોપી પોતાની પાસે પી.એમ. વિશ્વકર્મા યોજના અંતર્ગત અરજી કરવા આવતા અરજદારો પાસેથી રૂપિયા ૨૦૦ થી ૫૦૦ સુધીની રકમ ઉઘરાવતો હોવાની ફરિયાદ જાગૃત નાગરિક તરફથી મળી હતી

જેથી મોરબી એસીબી ટીમ વોચમા રહી આવતા જતા અરજદરને મળી એક અરજદાર ડીકોયર તરીકે રહેવા સહમત થતા પોતાનુ પી.એમ. વિશ્વકર્મા યોજનાનુ ઓન લાઇન ફોર્મ ભરવા મોકલતા આરોપીએ ડીકોયરનુ પોતાના ઈજઈ ઈઉ પાસ વર્ડ નંબર ઉપર ઓનલાઇન ફોર્મ ભરી આપી ફોર્મની નકલ આપી અવેજ પેટે અરજદાર પાસેથી ગેરકાયદેસર રીતે રૂ.૨૦૦ ની માંગણી કરી રકમ સ્વીકારી હતી જેથી એસીબી ટીમે આરોપી જીતેન્દ્રકુમાર પ્રવીણભાઈ ચૌહાણને ઝડપી લઈને લાંચની રકમ રૂ ૨૦૦ રીકવર કરી છે.

રાજકોટ એસીબીના મદદનીશ નિયામક વી કે પંડ્યાના માર્ગદર્શન હેઠળ મોરબી એસીબી પીઆઈ એચ એમ રાણાની ટીમે સફળ ઓપરેશન પાર પાડ્યું હતું

# જામનગર, કાલાવડ તથા કલ્યાણપુર તાલુકાના ગ્રામ્ય પંથકમાં વીજચેકીંગ હાથ ધરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકા તેમજ કાલાવડ પંથક અને કલ્યાણપુરના ગ્રામ્ય પંથકમાં હાથ ધરાયેલા વીજ ચેકીંગમાં રૂા.૪૨ લાખ ૮૦ હજારની વીજચોરી પકડી પાડવામાં આવી હતી.જામનગરની સ્થાનિક પીજીવીસીએલ કચેરી દ્વારા દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના વીરપર, મેવાસા, રાણ, ભોગાત, દેવરીયા, ચાચલાણા, ગાંગડી વગેરે ગામોમાં વીજ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. તે ઉપરાંત જામનગર તાલુકાના જગા, મેડી,



ખંઢેરા, હરીપર, નવાગામ, ધુનધોરાજી, મોટી વાવડી, ઉમરાળા સહિતના કાલાવડ તાલુકાના ગામોમાં પણ વીજ ચેકીંગ કરવામાં આવ્યું હતું.સ્થાનિક અધિકારીઓના વડપણ હેઠળની બાવન ટૂકડીઓ ચેકીંગ માટે ધસી ગઈ હતી. દિવસ દરમિયાન ૭૩૨ વીજજોડાણો ચકાસવામાં આવ્યા હતા. જેમાંથી ૧૧૭ વીજજોડાણોમાં ગેરરીતિ મળી આવતા તેના ધારકોને રૂા.૪૨ લાખ ૮૦ હજારના પુરવણી બીલ આપવામાં આવ્યા હતા

# આતંકવાદી તેમજ દેશદ્રોહી પ્રવૃત્તિઓ રોકવા જિલ્લાના ૧૧ ટાપુઓ પર પ્રવેશ અંગે પ્રતિબંધ જાહેર કરાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમાએ આવેલ અતિ-સંવેદનશીલ જિલ્લો છે. જામનગર જિલ્લામાં કુલ ૧૧ દરિયાઈ ટાપુઓ આવેલ છે. જે પૈકી માત્ર ૧ પિરોટન ટાપુ પર માનવ વસાહત આવેલ છે. જયારે અન્ય ટાપુઓ માનવ વસાહત રહિત છે. આ નિર્જન ટાપુઓ પર ધાર્મિક જગ્યાઓ આવેલ છે. જે જગ્યાઓએ અવારનવાર ધાર્મિક પ્રસંગોએ અને દર્શનાર્થે માણસો અવર-જવર કરે છે. આ ટાપુઓ પર



રાષ્ટ્રવિરોધી અને દાણચોરી જેવી ગેરકાયદેસર અને અસામાજિક પ્રવૃત્તિઓ કરતા ઈસમો સહેલાઈથી આ દરિયાઈ ટાપુઓ ઉપર આશ્રય મેળવે અથવા હથિયારો અને નશાકારક પદાર્થ છુપાવવા ઉપયોગ કરે તેવી પુરી સંભાવના છે. આથી રાષ્ટ્રીય સલામતી અને જાહેર વ્યવસ્થાને ધ્યાને લઇ તેમજ આતંકવાદી અને દેશદ્રોહી પ્રવૃત્તિને રોકવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.એન. ખેર દ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે સમગ્ર જામનગર જિલ્લાના આ ટાપુઓ પર પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.તેથી, પ્રવાસીઓને પિરોટન ટાપુ પર જવા-આવવાનું થાય ત્યારે નાયબ વન સંરક્ષક, મરીન નેશનલ પાર્ક, જામનગરની પૂર્વમંજૂરી મેળવી લેવાની રહેશે. આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. જાહેરનામું આગામી તા.૧૪-૦૩-૨૦૨૪સુધી અમલમાં રહેશે. પ્રવેશ માટે પ્રતિબંધિત કરવામાં આવેલ ટાપુઓની વિગત ખારા બેરાજા ગામ નજીકના ભેંસબીડ ટાપુ, સરમત ગામ નજીકના દંડીકા ટાપુ અને મુંડીકા ટાપુ તથા બેડી ગામ નજીકના ઝિન્દ્રા ટાપુ, પિરોટન ટાપુ, અમુડી બેલા ટાપુ, બડા બેલા ટાપુ, કોદરા બેડ ટાપુ, જુના બેલા ટાપુ, અનનોન-એ ટાપુ અને અનનોન-બી ટાપુ - આ ટાપુઓ પર પ્રવેશ અંગે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

# જામનગરની સરકારી ઈમારતોની દીવાલો પરથી ભાજપના ચૂંટણી ચિન્હો હટાવવા રાષ્ટ્રપતિ સમક્ષ કરાઈ રજૂઆત




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની સરકારી ઈમારતોની દીવાલો પરથી ભાજપના ચીતરાયેલા ચૂંટણી ચિન્હો હટાવવા રજૂઆત.ભારતીય જનતા પાર્ટી દ્વારા લોકસભાની ચૂંટણી માટેના પ્રચારમાં સરકારી ઈમારતોની દીવાલોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ અંગે રાષ્ટ્રપતિ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. જામનગરના સુભાષ ગુજરાતીએ રાષ્ટ્રપતિને ઉદ્દેશીને લખેલ પત્ર જિલ્લા કલેક્ટરને સુપ્રત કરાયો છે. તેમાં રજૂઆત કરી છે કે સરકારી ઈમારતો માલિકીની હોય તેમ ભાજપ દ્વારા પ્રચાર માટે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આથી સરકારી ઈમારતની દીવાલો ઉપર દોરાયેલા- ચિપકાવાયેલ ભાજપના ચૂંટણી ચિન્હ દૂર કરવા જોઈએ. આ મુદ્દે જરૂર પડ્યે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની પણ ચિમકી આપી છે.

# ગાંધીધામના ગળપાદર જીલ્લા જેલમાં અણુંવ્રત સમૂહગાનનું આયોજન કરવામાં આવ્યું



**મુખ્ય સમાચાર, મોરબી**

તા.૧૮ જાન્યુ. ના રોજ ગળપાદર જીલ્લા જેલમાં તુલસીદાસજી રચિત અણુંવ્રત ગીતનું સમૂહસંગાનનું આયોજન ગળપાદર જીલ્લા જેલ અધિક્ષક એલ.વી.પરમારની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું.

'વસુધૈવ કુટુમ્બકમ'ની પરસ્પરની ભાવના જગાડતું આચાર્ય સંત તુલસીદાસ દ્વારા રચિત ''અણુંવ્રત ગીત''નું સમૂહગાન દેશ વિદેશની ધરતી ઉપર થનાર હોય ત્યારે એક અભિયાન અંતર્ગત તા.૧૮/૦૧/૨૦૨૪ ના રોજ ગળપાદર જીલ્લા જેલ ખાતે અણુંવ્રત ગીતના સમૂહગાનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગળપાદર જીલ્લા જેલના અધિકારી/કર્મચારી તેમજ બંદિવાનો દ્વારા અણુંવ્રત ગીતનું ગાન સાંભળી/સંભળાવી કાર્યક્રમને સફળ બનાવવામાં આવેલ હતો તેવું ગળપાદર જીલ્લા જેલ અધિક્ષક એલ.વી.પરમારની યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથ વાંકાનેર તાલુકાના રસિકગઢ ગામે પહોંચતા સ્વાગત કરાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના લોકો સુધી પહોંચે અને લોકો આ યોજનાઓથી માહિતગાર થાય તે માટે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે અન્વયે વાંકાનેર તાલુકાના રસિકગઢ ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું આગમન થયું હતું. આ તકે ગ્રામજનોએ અનેરા ઉત્સાહ સાથે રથનું સ્વાગત કર્યું હતું.




આ પ્રસંગે રસિકગઢ ગામે આવેલા રથમાં ગ્રામજનો અને ઉપસ્થિતોએ વિકસિત ભારત સંકલ્પ અન્વયે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની રેકોર્ડ કરેલ પ્રજાજોગ સંદેશાની ફિલ્મ નિહાળી હતી અને વિકસિત ભારત માટે પ્રતિજ્ઞા લીધી હતી.

આ કાર્યક્રમમાં સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને વિવિધ લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. 'મેરી કહાની, મેરી જુબાની' અંતર્ગત આયુષ્માન કાર્ડ, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી, પ્રધાનમંત્રી આવાસ યોજના સહિત વિવિધ યોજનાઓના લાભાર્થીઓએ પોતાને મળેલ યોજનાઓના લાભ વિશે પ્રતિભાવ રજૂ કર્યા હતા. આ સાથે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ તેમજ ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને કીટ સહિત વિવિધ યોજનાઓની સહાય વિતરણ કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન બાળકોએ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તેમજ રાસાયણિક ખાતરનો ઉપયોગ ઘટાડે તેવા સંદેશાઓ આપતું 'ધરતી કહે પુકાર કે.' નાટક રજુ કર્યું હતું. આ વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમનો રસિકગઢ ગ્રામજનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લીધો હતો.

# જામનગર તાલુકાના ખીમરાણા ગામે રૂપારેલ નદી ઉપર નવનિર્મિત મેજરબ્રિજનું લોકાર્પણ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, રાજયના કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે જામનગર તાલુકાના ખીમરાણા ગામે રૂપારેલ નદી ઉપર નવનિર્મિત મેજરબ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રૂ.૩ કરોડ ૩૦ લાખના ખર્ચે ૧૨ મીટરના ૭ ગાળાનો મેજરબ્રીજ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ બનાવવામાં આવ્યો છે.આ તકે કેબીનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે ખેડૂતોને મદદરૂપ થવા માટે સરકાર મક્કમતાથી કામગીરી કરી રહી છે. ચોમાસાના સમય દરમિયાન નદીનું પાણી ગામમાં આવી જતા ગ્રામજનોને મુશ્કેલીઓ થતી હતી તેનો અંત આવ્યો છે. ગામડાના લોકોની સુવિધાઓમાં વધારો કરવા સરકાર અવિરત કામગીરી કરી રહી છે. સરકારની ખેડૂતો માટે અતિ મહત્વની એવી સૌની યોજના થકી ખીમરાણા સહિત સૌરાષ્ટ્રના ડેમોમાં નર્મદા નદીનું પાણી ઠાલવવામાં આવે છે જેના થકી ખેડૂતભાઈઓ બે સિઝનનો લાભ લઇ શકે છે અને તેમની આવકમાં વધારો થતાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું ખેડૂતોની આવક બમણી કરવાનું સ્વપન સાકાર થઈ રહ્યું છે. ખિમરાણા ગામે મેજર બ્રિજ નિર્માણ પામતાં આજુબાજુના લોકોને પણ પુરતા પ્રમાણમાં લાભ મળી રહે છે.આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ મેયબેન ગરચર, બાંધકામ સમિતિના ચેરમેન પ્રવિણાબેન, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ હસમુખભાઈ કણજારીયા, જિલ્લા પંચાયતના સભ્ય નંદલાલભાઈ, તાલુકા પંચાયતના સભ્ય કાંતિભાઈ, અગ્રણીઓ તેમજ ગ્રામજનો બહોળા પ્રમાણમાં ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરના જોડિયા તાલુકાના નાગરિકોની માંગણીને હકારાત્મક વાચા આપી નવા બસ સ્ટેશન માટે ૪૦૦૦ ચો.મી. જમીન ફાળવાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર-જોડિયાના નાગરીકો વતી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કર્યો.ગુજરાત સરકારે જામનગરના જોડિયા તાલુકાના નાગરિકોની દિર્ઘકાલિન માંગણીને હકારાત્મક વાચા આપતો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. ગામની વધતી જતી વસ્તી અને શહેર સાથેનાં જોડાણને ધ્યાનમાં રાખીને બસ સ્ટેન્ડની જરૂરિયાત વધુ તીવ્ર બની હતી. જોડિયા ગામનાં નાગરિકોએ નવા બસ સ્ટેન્ડના નિર્માણ માટે જામનગર ગ્રામ્યના ધારાસભ્ય અને રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલને રજૂઆત કરી હતી. કૃષિ મંત્રીએ જોડિયા ગામનાં લોકોની માંગણીને સત્વરે ધ્યાને લઇ ઉચ્ચ સ્તરે રજૂઆત કરી બસ સ્ટેન્ડ



માટે જમીન ફાળવણીની પ્રક્રિયા આગળ વધારી હતી.મંત્રી રાઘવજી પટેલની આ રજૂઆતને ધ્યાને લઇ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નવા બસ સ્ટેશન માટેના પ્રસ્તાવને તાત્કાલિક મંજૂરી આપીને જોડિયા ગામના લોકોના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. જોડિયા તાલુકામાં બસ સ્ટેશન માટે જમીન ફાળવણી કરી દેવામાં આવી છે. આશરે ૪૦૦૦ ચો.મી. જમીન પર નવા બસ સ્ટેશનનું નિર્માણ કાર્ય ટૂંક સમયમાં જ શરુ થશે.આ નિર્ણય અંગે પ્રતિભાવ આપતા કૃષિ મંત્રીએ જણાવ્યું કે, સામાન્ય જનતાની સુવિધાઓ અને જરૂરીયાતોને પરિપૂર્ણ કરવા માટે રાજ્ય સરકાર હરહંમેશથી પ્રયત્નશીલ છે. જોડિયામાં નવા બસ સ્ટેશનની જરૂરિયાત ઘણા સમયથી અનુભવાતી હતી, જેની રજૂઆત કરતા ખુબ જ ટૂંકા ગાળામાં રાજ્ય સરકાર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારની આ સક્રિયતા બદલ કૃષિ મંત્રીશ્રીએ જામનગર અને જોડિયાના નાગરીકો વતી મુખ્યમંત્રીનો આભાર વ્યકત કર્યો હતો.વાહન વ્યવહાર રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યના નાગરિકોને છેવાડાના ગામો સુધી ઉત્તમ પરિવહન સેવાઓ પૂરી પાડવી એ રાજ્ય સરકારની નેમ છે. જામનગરના જોડિયા તાલુકાના આર્થિક અને સામાજિક વિકાસ માટે વાહન વ્યવહાર વિભાગ દ્વારા લેવાયેલો આ નિર્ણય ખૂબ જ મહત્વપૂર્ણ પૂરવાર થશે. જોડીયા ખાતે નવા બસ સ્ટેશનના નિર્માણથી જોડિયા ઉપરાંત આસપાસના વિસ્તારના નાગરિકોની યાતાયાતની સુવિધામાં વધારો થશે.

# ઉનામાં રામલલ્લાને વધાવવા માટે ભક્તોમાં અનેરો ઉત્સાહઃ વેપારીઓ, હિન્દુ સમાજ અને હિન્દુ સંગઠનોના હોદ્દેદારોની મીટીંગ મળી


**મુખ્ય સમાચાર, અબ્દુલ પઠાણ**

**ઊના:** આગામી તા ૨૨ જાન્યુઆરી ને સોમવાર ના રોજ પ્રભુ શ્રી રામની જન્મભૂમિ અયોધ્યા ખાતે ભવ્ય અને દિવ્ય નિર્માણ શ્રીરામ મંદિરમાં શ્રી રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા ઐતિહાસિક કાર્યક્રમ થવા જઈ રહ્યો છે ઉના શહેરમાં ભવ્ય અને દિવ્ય પ્રસંગની ઉજવણીનો અનેરો ઉત્સાહ રામ ભક્તોમાં જોવા મળી રહ્યો છે તા ૨૦ જાન્યુઆરી ને શનિવાર ના રોજ ઉના શહેરમાં ઐતિહાસિક અક્ષત કળશ યાત્રા નુ આયોજન કરવામાં આવશે તેમજ ઉનાના ઉત્સવ પ્રેમી એવા લોકલાડીલા ધારાસભ્ય કે સી રાઠોડના પ્રેરક માર્ગદર્શન હેઠળ ઉના ચેમ્બર ઓફ કોમર્સ,



ઉના નગરપાલિકા પરિવાર, શહેર ભાજપા તથા હિન્દુ યુવા સંગઠન ભારત અને શિવસેના સમસ્ત ઉના તાલુકા શહેર ઉપક્રમે યોજનારી આ અક્ષત કળશ યાત્રાનું શનિવારે બપોરે ૨:૩૦ વાગ્યે શ્રીરામજી મંદિર થી પ્રારંભ થશે તે ઉનાશહેરના પોસ્ટ ઓફિસ ચોક, ટાવર ચોક થઈને ત્રિકોણબાગ થી સૂર્યમુખી હનુમાનજી મંદિર ખાતે ભવ્ય પુજન અને દિવ્ય આરતી સાથે પૂર્ણ થશે. તા ૨૨ જાન્યુઆરી ને સોમવાર ના રોજ ભવ્ય બાઈક અને કાર માં વિજય ઉત્સવ ભગવા રેલી નું આયોજન બપોરે ૨:૩૦ વાગ્યે શાહ એચડી હાઈસ્કૂલ થી પ્રારંભ થશે અને સૂર્યમુખી હનુમાનજી મંદિર ખાતે પૂર્ણ થશે.આ યાત્રાનું આયોજન માટેની એક મીટીંગ ઉના નગરપાલિકા ના સભાખંડમાં મળી હતી તેમાં શહેરના વેપારી ભાઈઓ તથા હિન્દુ સમાજ અને કોળી સમાજ, હિન્દુ સંગઠનો વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# આગામી તા.૨૨મીએ ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના હસ્તે મલ્ટી લેવલ ફલાય ઓવર બ્રિજના નામકરણની અનાવરણ વિધિ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના કે.કે.વી ચોક પર હયાત બ્રિજની ઉપર કાલાવડ રોડ પર કોટેચા ચોકથી આત્મીય યુનીવર્સીટી તરફ જતા શહેરના પ્રથમ મલ્ટીલેવલ ફ્લાયઓવર બ્રિજને ''શ્રી રામ બ્રીજ'' કરવા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન અને સભ્ય શ્રી જયમીનભાઈ ઠાકર દ્વારા પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન અને સભ્ય પુષ્કરભાઇ પટેલના ટેકાથી આજ તા.૧૯/૦૧/૨૦૨૪ ના રોજ જનરલ બોર્ડમાં અરજન્ટ દરખાસ્ત રજુ કરવામાં આવેલ. જેને અનુમોદન આપી તમામ સભ્યોએ વધાવી લેતા ''જય શ્રી રામ''ના નારા થી આજના જનરલ બોર્ડમાં બહુમતીથી ઠરાવ પસાર કરવામાં આવેલ.

જયારે સમગ્ર ભારત વર્ષ રામના નારા સાથે રામમય બની ચુક્યું છે અને જે ખાસ ઘડીની રાહ ભારતના પ્રત્યેક નાગરિક શ્રધ્ધાપૂર્વક જોઈ રહ્યા છે તેવા રામનવમીના પવિત્ર દિવસે તા.૨૨/૦૧/૨૦૨૪ને સોમવારના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે ભાગવત કથાકાર પ.પુ. ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા ના વરદ હસ્તે નામકરણ અનાવરણ વિધિ યોજવામાં આવશે. આ તકે કાર્યક્રમ અધ્યક્ષ તરીકે મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેશે. તેમજ આ કાર્યક્રમમાં કેબીનેટ મંત્રી, ગુજરાત રાજ્ય ભાનુબેન બાબરિયા, સાંસદ મોહનભાઈ કુંડારિયા તથા રામભાઈ મોકરિયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા તથા ડો. દર્શીતાબેન શાહ, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્ય, શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા તેમજ ડો. માધવ દવે અને શહેર ભાજપ સંગઠનના હોદેદારો ઉપસ્થિત રહેશે.

અયોધ્યામાં શ્રી રામલલા મંદિરમાં થનાર ભવ્ય પ્રાણપ્રતિષ્ઠાની આ શુભ ઘડીને વધાવવા માટે શહેરના તમામ શ્રધ્ધાળુ નાગરીકોને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા માન. મેયર નયનાબેન પેઢડીયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડિયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા એક સંયુક્ત યાદીમાં જણાવેલ છે.

# ટીપીસ્કીમ અંતર્ગત જમીન ખાલી કરવાની નોટીસ સામે અનુ.જાતિના રહેવાસીઓએ આપ્યું આવેદન


(તસ્વીરઃ આનંદ જાવિયા)



અનુ.જાતિના અરજદારોએ રાજકોટ મ્યુ.કમિશનરની આવેદન પત્ર આપી જણાવ્યું છે કે ટીપીસ્કીમ અંતરગત રાજકોટ મનપા તરફથી નોટીસ મળેલ છે કે અમો જ્યાં રહીએ છીએ તે જગ્યામાં ૨૫ વર્ષ પહેલા કોઈ સુવીધા નો હતી. અહીં વેરાન જંગલ હતું. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે તા.૨૧/૧/૨૦૧૯થી ટીપીસ્કીમ આખરી મંજૂર થઈ છે જે કાયદાનો ભાગ છે. અને તેનીઅમલવારી કરી તે મનપાની ફરજ છે. પરંતુ ભારતીય બંધારણ ।રા આપવામાં આવેલ મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવું તે આપની જવાબદારી નથી આ અંગે ઘટતું કરી અમોને ન્યાય અપાવશો તેવું જણાવ્યું હતું.

# ઈનોવા કારમાંથી ૫૮૦ લીટર દેશી દારૂનો જથ્થો ઝડપી લેતી મોરબી ક્રાઈમ બ્રાંચ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એલસીબી પોલીસ ટીમે બાતમીને આધારે મોરબી-વાંકાનેર હાઇવે ઉપર રીવેરા સીરામીક જતા રસ્તે દરોડો પાડી ઇનોવા કારમાંથી ૫૮૦ લીટર દેશી દારૂનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન ઇનોવા કારનો ચાલક પોલીસને દૂરથી આવતા જોઈ અંધારાનો લાભ લઇ ભાગી છૂટ્યો હતો. હાલ પોલીસે ઇનોવા કાર તથા દેશી દારૂનો જથ્થો કબ્જે લઇ આરોપી ઇનોવા કાર ચાલક તેમજ દેશી દારૂ મંગાવનાર નામચીન મહિલા બુટલેગર તથા તપાસમાં ખુલ્લે તે તમામ વિરુદ્ધ બી ડિવિઝનમાં પ્રોહી.નો ગુન્હો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ મોરબી ક્રાઇમ બ્રાંચ પોલીસને બાતમી મળી હતી કે નામચીન મહિલા બુટલેગર સોનલ અબ્બાસભાઈ કટીયાનો માણસ ઇનોવા કાર રજી. જીજે-૦૧-એચજે-૪૧૬૫માં દેશી દારૂનો જથ્થો બહારથી ભાર લાવી મોરબી વર્કબેર હાઇવે ઉપર રીવેરા સીરામીક જવાના રસ્તે આવેલ ખુલ્લા પટ્ટમાં ટાઇલ્સ કટિંગના ઢગલામાં ઉતારી સંતાડવાની કામગીરી હાલ ચાલુ હોય જે બાતમીને આધારે મોરબી ક્રાઇમ બ્રાંચ પોલીસ ટીમે દરોડો પાડતા ટાઇલ્સ કટિંગના ઢગલાઓ વચ્ચે ઇનોવા કાર ઉભી હોય ત્યારે કારની નજીક જતા કાર ચાલક અંધારાનો લાભ લઇ નાસી ગયો હતો.

ત્યારે પોલીસે સ્થળ ઉપરથી ઇનોવા કારમાંથી કુલ ૧૨ પ્લાસ્ટિકના બચકામાં ૫૮૦ લીટર દેશી દારૂનો જથ્થો કિ.રૂ.૧૧,૬૦૯/- તથા દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લીધેલ ઇનોવા કાર કિ.રૂ.૩ લાખ કુલ રૂ.૩,૧૧,૬૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઇ આરોપી ઇનોવા કાર ચાલક તેમજ સોનલ ઉર્ફે સોનકી અબ્બાસભાઈ કટીયા રહે. મોરબી માળીયા વનાળીયા તથા તપાસમાં ખુલ્લે તે તમામ આરોપી વિરુદ્ધ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# પત્રકાર ભાવેશભાઈ વિસરીયાના દાદીમાનું અવસાનઃ આવતીકાલે સાંજે બેસણું



રાજકોટના ન્યુઝ નેશન ચેનલના રિપોર્ટર ભાવેશભાઈ વિસરીયાના દાદીમા ભચીબેન મેઘજીભાઈ વિસરીયાનું દુઃખદ અવસાન થયેલ છે. તેઓ પ્રેમજીભાઈ, જમનાદાસભાઈ, હરેશભાઈ અને જગદીશભાઈના માતા તેમજ મેહુલભાઈ અને નિખીલભાઈના દાદીમા થતા હતા તેમનું બેસણું આવતીકાલે તા.૨૦ને સાંજે ૪થી૬ કલાક દરમિયાન શ્રી ધણી માતંગ દેવ મોરબી રોડ, જુના રેલવે સ્ટેશન ની સામે, મુરલીધર ગાંઠિયાની બાજુમાં રાજકોટ ખાતે રાખેલ છે.

# જસદણના ભડલી ગામની સગીરા પર થોરીયાળીના શખ્સે ગુજાર્યો બળાત્કાર

## સગીરાને સોશ્યલ મિડિયાના માધ્યમથી ફસાવી લગ્નની લાલચ આપી શખ્સે અધમ કૃત્ય આચર્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણના ભડલી ગામે રહેતી સગીરાને થોરીયાળીના શખ્સે સોશિયલ મીડિયા મારફત પરિચય મેળવી પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી દુષ્કર્મ ગુજારતા જસદણ પોલીસે ગુનો નોંધી નરાધમની ધરપડ કરી છે.

આ અંગે વિગત મુજબ, ૧૭ વર્ષની સગીરાના પિતાએ જસદણ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપીમાં થોરીયાળીના મેહુલ ભાણજી ઝાપડીયા(ઉ.વ.૧૯)નું નામ આપ્યું હતું જેમાં તેને જણાવ્યું હતું કે, તેની પુત્રી ૧૭ વર્ષીય છે. અને ધો.૮ સુધી ભણેલી છે. જે પછી તેણે સ્કૂલ છોડી દીધી હતી અને ઘરકામ કરતી હતી.આરોપી મેહુલના સગા સગીરાના ગામમાં જ રહેતા હોય, કોઈ લગ્નપ્રસંગ પર આરોપી સગાના ઘરે ગયેલો અને સગીરા ઉપર તેની નજર પડી હતી.ત્યારે નામ વગેરે પૂછી સોશ્યલ મીડિયા પર ઈન્સ્ટાગ્રામ સહિતની એપ મારફતે સંપર્ક કરી વાત ચિત કરતો હતો.અને સંપર્ક થયાના ત્રણેક મહિના બાદ તા.૧૫ જાન્યુઆરીના રોજ યુવક અડધી રાતે સગીરાના ગામ પહોંચ્યો અને મેસેજ ફોન કરી સગીરાને ઘર બહાર મળવા બોલાવી હતી બાદ રાત્રીના અંધારાનો લાભ લઈ બળજબરીથી સગીરા સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. સગીરાએ આ અંગે પરિવારને આપવીતી જણાવતા અંતે ગુનો દાખલ કરાયો હતો.જેથી આ મામલે જસદણ પોલીસ દ્વારા મેહુલ ભાણજી ઝાપડીયા સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.

# વાંકાનેરમાં બાઈક ઉપર બિયરના ૪૮ ટીન લઈ હેરાફેરી કરતા એક ઈસમ ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરના ઢૂવા-માટેલ રોડ ઉપર વાહન ચેકિંગની કામગીરી દરમિયાન બાઈક ઉપર વેચાણ કરવાના આશયથી બિયરના ટીનની હેરાફેરી કરતા એક શખ્સને ઝડપી લેવામાં આવ્યો છે જયારે આરોપીની સઘન પૂછપરછમાં બિયરનો જથ્થો આપનારનું નામ ખુલતા પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ ગુન્હો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર વાંકાનેર તાલુકા પોલીસ નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ઢૂવા-માટેલ રોડ ઉપર દ્વારકાધીશ હોટલ પાસે વાહન ચેકીંગ કામગીરી કરતા હોય ત્યારે એ ઈસમ હોન્ડા સાઈન બાઈક રજી. જીજે-૩૬-એડી-૩૬૯૦માં ત્યાંથી પસાર થતા તેને રોકી તેની પાસે રહેલ બચકામાં તપાસ કરતા કિંગફિશર બિયરના ૪૮ નંગ ટીન મળી આવતા આરોપી જગદીશભાઇ ઉર્ફે વનરાજ ગેલાભાઇ ભુસડીયા ઉવ.૩૧ રહે હાલ-જુના ઢુવા,સુખુભા સવુભા ઝાલાના મકાનમાં ભાડેથી મુળ ગામ-મેસરીયા તા.વાંકાનેરની અટક કરવામાં આવી હતી. જયારે આરોપીની પ્રાથમિક પૂછપરછમાં આ બિયરના ટીનનો જથ્થો મેસરીયા ગામે રહેતા રામજી ઉર્ફે અજય ધીરૂભાઇ ભુસડીયા પાસેથી મેળવ્યાની કબૂલાત આપતા પોલીસે બાઈક અને બિયરનો જથ્થો જપ્ત કરી બંને આરોપીઓ વિરુદ્ધ વાંકાનેર તાલુકા પોલીસ સ્ટે.માં પ્રોહી.એક્ટ હેઠળ ગુન્હો નોંધી તજવીજ હાથ ધરી છે.

## ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા''

# રાજકોટ તાલુકાના લાપાસરી અને હલેન્ડાના ૮૦૦થી વધુ નાગરિકોને મળ્યો નિઃશુલ્ક આરોગ્ય પરીક્ષણનો લાભ

## અન્ય યોજનાકીય લાભોનું વિતરણ, સંકલ્પ ગ્રહણ,ડ્રોન નિદર્શન, ખેડૂત વાર્તાલાપ યોજાયા





**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના રથનું રાજકોટ તાલુકાના લાપાસરી અને હલેન્ડા ડુંગરપુર ખાતે લોકો દ્વારા ઉમળકાભેર સ્વાગત કરાયું હતું આ કાર્યક્રમમાં આરોગ્ય કેમ્પ યોજાયો હતો,જેનો ૮૦૦થી વધુ ગ્રામજનોએ લાભ લીધો હતો. અને વિવિધ લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ,પાક સંરક્ષણ તેમજ કૃષિ યાંત્રિકીકરણ સહિતની યોજનાઓના લાભો વિતરિત કરવામાં આવ્યા હતાં.

આ તકે સરકારશ્રીની પાક સંરક્ષણ યોજનાનો લાભ મેળવનાર લાભાર્થી શ્રી રમેશભાઈ રોકડ તથા આયુષ્માન ભારત યોજનાનો લાભ મેળવનાર લાભાર્થી શ્રી સંજયસિંહ રેવરે 'મેરી કહાની મેરી જુબાની' અંતર્ગત સરકારની કલ્યાણકારી યોજનાથી થયેલા લાભ અંગે પોતાની કહાની રજૂ કરી હતી. શિબિરમાં સામાન્ય આરોગ્ય તપાસ સાથે જ સિકલ સેલ એનિમિયા તેમજ ટી.બી.સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું તથા ડ્રોન પ્રદર્શન, સોઈલ હેલ્ડ કાર્ડ અંગે તેમજ કુદરતી ખેતી કરતા ખેડૂતો સાથે વાર્તાલાપ યોજાયો હતો.

આ બંને ગામોમાં ૧૦૦ ટકા આયુષ્માન કાર્ડ નીકળ્યા છે તેમજ ગામ પંચાયતોમાં જલજીવન મિશન, જનધન યોજના તેમજ જમીનના રેકોર્ડનું ડિજીટાઈઝેશન ૧૦૦ ટકા પૂર્ણ થયું છે. તદુપરાંત ઓડીએફ+ એટલે કે હર ઘર શૌચાલયથી સજજ છે તેમજ હર ઘર જલ મિશનની ૧૦૦% કામગીરી બદલ તેને અભિનંદન પત્ર એનાયત કરવામાં આવ્યા હતા તથા સ્થાનિક રમતવીરો, કલાકારો અને વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા હતા. આ અવસરે લોકોએ દેશની એકતા, અખંડિતતા અને પ્રભુતા જાળવી રાખવા સાથે દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવા માટે પુરુષાર્થ કરવાનો સંકલ્પ લીધો હતો.

આ કાર્યક્રમમાં લાપાસરીના સરપંચ કુલદીપસિંહ ભટ્ટી,ઉપસરપંચશ્રી જલ્પા ચૌહાણ, હલેન્ડા ડુંગરપુરના સરપંચ બાબુભાઈ સોમાભાઈ, ઉપસરપંચ દિનેશભાઈ સાવલીયા સભ્યઓ જીજ્ઞેશભાઈ રોકડ, હિતેશભાઈ બરાળીયા તથા બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# તા. ૨૨મીએ સમગ્ર રાજ્યમાં માસના વેચાણ ઉપર પ્રતિબંધ મુકવા ધારાસભ્ય કાંતિલાલની માંગ

## રાજ્યના મુખ્યમંત્રી સમક્ષ લેખિત રજુઆત કરી




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી : આગામી તા.૨૨ના રોજ અયોધ્યામાં ભગવાન શ્રીરામના નૂતન મંદિરની પ્રાણપ્રતિષ્ઠા થનાર હોય મોરબી - માળીયાના ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયા દ્વારા મુખ્યમંત્રી સમક્ષ લેખિત રજુઆત કરી તા.૨૨મીના રોજ સમગ્ર રાજ્યમાં માસ - મદિરાના વેચાણ ઉપર પ્રતિબંધ મુકવા માંગ કરી છે.

મોરબી - માળીયાના ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયાએ રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લેખિત રજુઆત કરતા જણાવ્યું છે કે, ૫૦૦ વર્ષના ઈન્તજાર બાદ આગામી તા.૨૨ જાન્યુઆરીના રોજ ભગવાન શ્રી રામના દિવ્ય મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાનાર હોય એ સુવર્ણ અવસરે સમગ્ર રાજ્યમાં માસ અને મદિરાનું વેચાણ બંધ રાખવા માંગ ઉઠાવી તાત્કાલિક પ્રતિબંધાત્મક આદેશ જારી કરવા રજુઆત કરી છે.

# રાજુલા વનવિભાગની સરાહનીય કામગીરી પીપાવાવ રેલ્વે ટ્રેક ઉપર આવેલ ૬ સિંહોને સુરક્ષિત ખસેડી બચાવાયા



**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** રાજુલા પંથકના પીપાવાવ નજીક રેલ્વે ટ્રેક ઉપર સિંહો આવી ચડ્યા હતાં. જોકે અહીં વન વિભાગના રેલ્વે સેવકે સિંહોને સુરક્ષિત ખસેડી સરાહનીય કામગીરી કરવામા આવી છે.રાજુલાના પીપાવાવ પાર્ટમાં આવેલ પી.એ.સીલ.એલ રોડ પર ઉપર સ્ટોન નંબર ૨૪/૬ થી ૨૪/૭ વચ્ચે બે સિંહણ અને ત્રણ બચ્ચાએ રેલ્વે ટ્રેક ક્રોસ કર્યો હતો. જે બાદ પાલીતાણા શેત્રુજી ડિવીઝન ડી.સી.એફ જયંન પટેલની માર્ગદર્શન મુજબ રાજુલા વન વિભાગ આર.એફ.ઓ વાય.એમ.રાઠોડની સુચના મુજબ વન વિભાગના રેલ્વે સેવક જયસુખભાઇ દેગડા અને સંજયભાઇ ખસીયા દ્વારા સિંહોને નદી બાજુ સુરક્ષિત ખસેડવામા આવ્યાં હતાં. સાથોસાથ આજ પ્રકારે સવારના સાત વાગ્યાના સમયે એક સિંહ સ્ટોન નંબર ૨૦/૦ થી ૨૧/૦ વચ્ચે ટોરેન્ટ વિસ્તારમાં આવેલ હોય તેને પણ નદી વિસ્તારમાં રેલ્વે સેવક બાબાભાઇ બેપારીયા તેમજ પથુભાઇ ધાખડા દ્વારા સુરક્ષિત રીતે ખસેડી તેમનો જીવ બચાવ્યો હતો.વન વિભાગના રેલ્વે સેવકોએ પોતાની ફરજ દરમિયાન ૬ સિંહોને સુરક્ષિત ખસેડી આમ રાજુલા વન વિભાગે એલર્ટ બની સરાહનીય કામગીરી કરેલ છે.

# આરએસપીએલ કંપની ત્રીસ દિવસમાં બંધ કરવા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની નોટીસ



**મુખ્ય સમાચાર, જામનગર**

દ્વારકાના કુરંગા પાસેની ઘડી આરએસપીએલ કંપનીને પ્રદૂષણ અંગે ૩૦ દિવસમાં કંપની બંધ માટે પ્રદૂષણ કંટ્રોલ બોર્ડે નોટીસ ફટકારતા ચકચાર જાગી છે.દ્વારકા જિલ્લામાં કુરંગા પાસે આવેલી ઘડી ડીટરજન્ટ કંપની

આર.એસ.પી.એલ. સામે ખેડૂત દ્વારા થયેલી ફરિયાદના અનુસંધાને હાઈકોર્ટ દ્વારા પ્રદૂષણ બોર્ડ સામે કડક પગલાંની કાર્યવાહી ના થતી હોય ઠપકો આપતા 'જાગેલા' પ્રદૂષણને નિયંત્રણ બોર્ડ દ્વારા વિવિધ કારણો લઈને ૩૦ દિવસમાં કારણો પૂર્ણ ના થતાં કંપની બંધ કરવા ઓર્ડર કરતા ભારે ચર્ચા જાગી છે.૨૦૧૪ માં ઘડી કંપની દ્વારા લાઈટ સોડા એશનો પ્લાન શરૃ કરવામાં આવેલો જે માટે તા. ૧૨-૮-૨૦૧૪ ના પ્રદૂષણ બોર્ડ દ્વારા ૩ એફ.બી.સી. બોઈલર અને ૪૫૦ ટી.પી.એસ. સાથે ૫૦ મેગાવોટ પાવર વપરાશના યુનિટને પ્રદૂષણ નિયંત્રણ હેઠળ મંજુરી આપવામાં આવેલી, પરંતુ કંપનીના પ્લોટ પાસે આવેલી બાલુભા પબુભા કેર નામના ખેડૂતની જમીનમાં ખૂબ જ પ્રદૂષણ થતું હોય, પાકને નુક્સાન થવું, કૂવામાં દુષિત પાણી આવી જવું વિગેરે થતાં તેમણે પ્રથમ સ્થાનિક, જિલ્લા અને તે પછી હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા હતાં અને એક માસ પહેલા હાઈકોર્ટની ફટકારથી કંપનીમાં એક સાથે ૧૦-૧૧ ગાડીઓ સાથે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ પહોંચ્યા હતાં તથા નિરીક્ષણ કરીને તેના ઉપરથી તા. ૧૨-૧-૨૦૨૪ ના આદેશ કરીને પ્રીવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ પ્રોસ્યુશન એક્ટ ૧૯૭૪ ૩૧/એ તથા એક્ટ ૧૯૮૧ મુજબ ૩૦ દિવસ સુધી પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા આદેશ કરીને કંપની બંધ કરવા તથા ઈલેક્ટ્રીક સિટી બંધ કરવા તથા જનરેટર સેટથી પણ ચાલુ ના રાખવા આદેશ કરાયો છે.પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના યુનિટ હેડ જામનગર એ.જે. પટેલની સહીથી થયેલા આ આદેશથી સમગ્ર દ્વારકા જિલ્લામાં ભારે ચકચાર જાગી ગઈ હતી તથા રાત્રે સોશ્યલ મીડિયામાં પણ આ ન્યૂઝ ખૂબ જ વાયરલ થયા હતાં.જાણવા મળતી વિગત પ્રમાણે આજે હાઈકોર્ટમાં આ કેસની સુનાવણી હોય, પ્રદૂષણ બોર્ડે પોતે કડક પગલાં ભર્યા છે. તેની કામગીરી દેખાડવા આ કાર્યવાહી કરી છે, તો ખેડૂત પક્ષ તરફથી તેમની ૧૦૦ વીઘા જમીન દ્વારા પ્રદુષણથી તદ્દન ખરાબ થઈ ગયા છે તેના આધાર પુરાવા પણ રજૂ કર્યા છે.જો કે, એક માસ સુધી કંપની બંધ રાખીને અગાઉ કંપનીને પ્રદૂષણના નિયંત્રણ બોર્ડ દ્વારા તા. ૨૩-૧-૨૦૨૨ ની નોટીસ તથા સૂચનાઓ તથા બેંક ગેરેંટી રજૂ કરવા સહિતના વિવિધ મુદ્દાઓ પછી એક માસ પછી કંપનીના સ્થળે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ રૂબરૂ સ્થળ તપાસ કરીને આગળ કાર્યવાહી કરશે. જો દોષિત જણાય તો વધુ છ માસ કે વધુ એક વર્ષ માટે પણ કંપની બંધના આકરા પગલાં લઈ શકાય તેમ છે.

ઘડી કંપની સામે ખેડૂત દ્વારા શરૃ કરાયેલ વિરોધ તથા રજૂઆતમાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ આવા કડક પગલાં ભરવા પડ્યા છે, જો કે કંપની હજુ બંધ કરાઈ નથી. ચાલુ હોવાનું જાણવામાં આવ્યું છે તો કંપની તરફથી સત્તાવાર કોઈ નિવેદન પણ કરાયું નથી.

# ખંભાળિયા માર્કેટીંગ યાર્ડમાંથી જીરૂની ચોરી કરનાર બે ઝડપાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ખંભાળિયાના માર્કેટીંગ યાર્ડમાંથી ૨૯૦ કિલોગ્રામ જીરૃ ભરેલા છ બાચકાની ચોરી કરનાર જામનગરના હાપા ખારીના બે શખ્સને દ્વારકા એસઓજીએ કંચનપુરમાંથી પકડી પાડયા છે.ખંભાળિયા માર્કેટીંગ યાર્ડમાંથી એક વેપારીનું છ બાચકામાં ભરેલું ૨૯૦ કિલો જીરૃ ચોરાઈ ગયું હતું. જેની પોલીસમાં ફરિયાદ થયા પછી હાથ ધરાયેલી તપાસમાં દ્વારકા એસઓજીના રાજભા જાડેજા, કિશોરસિંહ જાડેજાને બાતમી મળી હતી કે, કંચનપુર ગામના પાટિયા પાસે એક ખંઢેર મકાનમાં બે શખ્સ જીરૃ રાખી તેના વેચાણ માટે તજવીજ કરી રહ્યા છે. તે બાતમીથી પીઆઈ પી.સી. સીંગરખીયાને વાકેફ કરાયા પછી એસઓજી ટીમ કંચનપુર દોડી ગઈ હતી.ત્યાં આવેલા એક મકાનમાંથી જામનગરના ખારી વિસ્તારમાં રહેતો શંકર રમેશ ધાધલ તથા પ્રશાંત કિશોર રણોલીયા નામના બે શખ્સ મળી આવ્યા હતા. આ શખ્સોના કબજામાંથી ૨૯૦ કિલો જીરૃ ભરેલા છ બાચકા મળી આવતા એસઓજીએ પૂછપરછ હાથ ધરી હતી. જેમાં આ શખ્સોએ તે જીરૃ જીજે-૧૦-ટીટી ૯૩૦૧ નંબરની બોલેરો માલવાહક જીપમાં ચોર્યાની કબૂલાત કરી છે. પોલીસે જીરૃ, અઢી લાખનું વાહન કબજે કરી બંને શખ્સની અટકાયત કરી છે.

# રાજકોટ મનપાની સામાન્યસભામાં કોંગ્રેસના નગરસેવકોને રામ વિરોધી કહેતા મામલો બિચકયો

## જનરલ બોર્ડમાં ફરી એકવાર પ્રજાના પ્રાણપ્રશ્નોની ચર્ચા કરવાને બદલે બીનજરૂરી પ્રશ્નો સતાધીશો દ્વારા પૂછાયાઃફક્ત અમૃતમિશન યોજના હેઠળ શહેરમાં કેટલા વિકાસ કામો થયા તે એક પ્રશ્નમાંજ સમય વેડફાયોઃ કાલાવડ રોડ પર કેકેવી ચોકથી આત્મીય કોલેજ પાસે નિર્માણ પામેલ બ્રીજનું શ્રીરામબ્રીજ નામકરણ કરાયું



(તસ્વીરઃ આનંદ જાવિયા)



**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય સભા મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષસ્થાને મળી હતી. આ સામાન્ય સભામાં વિપક્ષી કોંગ્રેસના કોર્પોરેટરને રામ વિરોધી કહેતા હોબાળો મચી જવા પામ્યો હતો. વધુમાં શાસકપક્ષના નગરસેવકોએ વિરોધ પક્ષના નેતા ભાનુબેન સોરાણીને સભાગૃહ માંથી નિકળી જવા કહેતા મામલો ગરમાયો હતો. એક તબક્કે ભાનુબેન સોરાણી સ્ટે.ચેરમેન જયમીન ઠાકરની બેઠક સુધી પહોંચી ગયા હતા. ભાનુબેને જયમીન ઠાકરને આડેહાથ લેતા સભ્ય ભાષામાં વાત કરવા જણાવ્યું હતું. મામલો ગરમ બનતા શાસકપક્ષના નગરસેવકો બચાવની સ્થિતમાં આવી ગયા હતા. મામલો વધુ ખરાબ બને તે પહેલા પૂર્વ મેયર પ્રદિપ ડવ તેમજ શાસકપક્ષના પૂર્વ નેતા વિનુભાઈ ધવાએ દરમિયાનગિરી કરી મામલો થાળે પાડયો હતો.

આ પહેલા શાસકપક્ષના નગરસેવક નરેન્સિંહ વાઘેલા પોતાનો પ્રશ્ન પૂછી રહયા હતા તે સમયે ભાનુબેન સોરાણીએ ઉભા થઈ પ્રજાના પ્રાણપ્રશ્ન અંગે મેયર સમક્ષ રજૂઆત કરતા શાસકપક્ષના જયમીન ઠાકર અને મનિષ રાડીયા સહિતના નગરસેવકોએ વિરોધ કરતા મામલો ગરમ થયો હતો. વધુમાં જયમીન ઠાકરે કોંગ્રેસ ફક્ત મીડિયામાં આવવા માટે જ આ પ્રકારના તુત ઉભા કરે છે. તેવું જણાવી કોગ્રેસને રામ વિરોધી પાર્ટી કહીં સભામાંથી નિકળી જવા જણાવ્યું હતું. વધુમાં શાસકપક્ષના નગરસેવકોએ જણાવ્યું કે જ્યારે કોંગ્રેસના બંને નગરસેવકોને પ્રશ્નોતરી માટે બોલાવવામાં આવ્યા ત્યારે પ્રજાના પ્રશ્નોની ચીંતાન હતી?

આ પહેલા સામાન્યસભાની શરૂઆતમાં વડોદરામાં બનેલ કરૂણાંતીકાના મુ બે મિનિટનું મૌન પાડી દિવગંતોને શ્રધ્ધાંજલી અપાઈ હતી. બાદમાં ભાજપના કોર્પોરેટર નરેન્સિંહ વાઘેલાએ શહેરમાં અમૃત યોજના હેઠળ થયેલા વિકાસકામો અંગેના પ્રશ્ન પૂછયા હતા. મ્યુ.કમિશનર આનંદ પટેલ ।રા તેમન પ્રશ્નોના જવાબ આપવામાં આવ્યા હતા. ખાસ કરીને સરકાર ।રા આ યોજના હેઠળ કેટલી ગ્રાંટ ફાળવવામાં આવી છે. તેની માહિતી મંગાઈ હતી. તેનો જવાબમાં કમિશનરે કહયું હતું કે કેન ।રા હાલ ૪૪.૭૫ કરોડ તેમજ રાજ્ય સરકાર ।રા ૭૧.૭૫ કરોડ ફાળવવામાં આવ્યા છે. હાલ અમૃત મિશન ૨ હેઠળ રાજકોટ મનપા ।રા ૫૮ કામોને મંજૂરી અપાઈ છે. જે માટે રૂ.૧૧૩૫.૭૧ કરોડને ફાળવવામાં આવ્યા છે. આજે મળેલી સામાન્ય સભામાં પ્રજાના પ્રાણપ્રશ્નની ચર્ચા કરવાને બદલે સતાધીશોએ અગત્યની એક કલાક વાહીયાત પ્રશ્ન પુછી વેડફયો હતો.સભાના અંત ભાગમાં શહેરના કાલાવડ રોડ પર કેકેવી હોલ ચોકથી આત્મીય કોલેજ સુધી બનેલા શહેરના સૌથી મોટા બ્રીજનું રામબ્રીજ નામકરણ કરવા દરખાસ્ત મુકાય હતી. જેને કોંગ્રેસના બે કોર્પોરેટરની ગેરહાજરીમાં ભાજપના ઉપસ્થિત નગરસેવકોએ ટેકો આપી મંજૂર કરી હતી. આજ સામાન્યસભામાં કુલ વીસ જુદી-જુદી દરખાસ્તો મૂકાય હતી. જેને પણ એક અવાજે મંજૂરી અપાઈ હતી. આજના જનરલબોર્ડમાં મનપાની જુદી-જુદી શાખાના અધીકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા.

# યુવાનનું અપહરણ કરી ગોંધી રાખવાના ગુનામાં વ્યાજખોરની જામીન અરજી ફગાવતી કોર્ટ

## વ્યાજના નાણાં રૂા.૪.૫૦ લાખના બદલે પઠાણી ઉઘરાણી કરી રૂા.૪૭ લાખ પડાવ્યા છતાં અપહરણ કર્યુ'તુ


બીનલબેન રવેશિયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વ્યાજના નાણાની પઠાણી ઉઘરાણીમાં રૂ.૪.૫૦ લાખના રૂ.૪૭ લાખ ભરી દીધા હોવા છતાં ઈમિટેશન ધંધાર્થીનું અપહરણ કરી ગોંધી રાખવાની ફરિયાદ અંગે પકડાયેલા દિનેશસિંહ શ્યામસિંહ રાજપુત (ઠાકુર)ની જામીન અરજી અદાલત દ્વારા ફગાવી દેવામાં આવી છે.

આ અંગેની હકીકત મુજબ ગઇ તારીખ ૧૦-૧૨/૨૦૨૩ ના રોજ ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર પાર્થ ડાયગ્નોસીસ સેન્ટર નજીકથી ઈમિટેશન ધંધાર્થી યજ્ઞેશ રમેશભાઈ રાંકનું અપહરણ કરીને ગોંધી રાખવાની હેતલબેન યજ્ઞેશભાઈ રાંકે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદ મામલે પોલીસ દ્વારા દિનેશસિંહ શ્યામસિંહ રાજપુત ઠાકુર (રહેવાસી જંકશન પ્લોટ ગેબનશાપીર દરગાહ સામે ગોવર્ધન એપાર્ટમેન્ટ પ્લેટ નંબર ૧૦૩)ની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી બાદ જેલ હવાલે કરાયો હતો. દરમિયાન આરોપી દિનેશસિંહે રેગ્યુલર જામીન ઉપર છૂટવા સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. આ જામીન અરજી સંદર્ભે સરકાર તરફથી હાજર થયેલા મદદનીશ સરકારી વકીલ બીનલ રવેશિયાએ વ્યાજખોરીના આ બનાવમાં આરોપીની મોડસ ઓપરેન્ડી જોતા આરોપીને છોડવામાં આવશે તો વધુ ગુના આચરશે, તેવી શક્યતા વ્યક્ત કરી હતી. તેમજ ફરિયાદી વતી એડવોકેટ કે.સી. વ્યાસે પણ જામીન અરજી નામ મંજૂર કરવા ભારપૂર્વક લેખિત રજૂઆતો કરી હતી. જે રજૂઆતો ધ્યાને લઈને એડિશનલ સેશન્સ જજ વર્માએ આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી. આ કામમાં સરકાર પક્ષે એપીપી બીનલબેન રવેશિયા અને ફરિયાદી વતી મદદમાં એડવોકેટ કે.સી. વ્યાસ, દીપ વ્યાસ અને મિલન જોષી રોકાયા છે.


# મવડી ચોકડી પાસે ક્રિકેટનો સટ્ટો રમતા ત્રણ પંટર ઝડપાયા

## કેશોદના બે બુકીએ આઈડી આપ્યાઃબંનેની શોધખોળઃ રૂ.૬૧ હજારનો મુમાલ કબજે

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના ૧૫૦ રીંગ રોડ પર મવડી ચોકડી પાસે જાહેરમાં મોબાઈલ પર આઈડી વડે ક્રિકેટનો સટ્ટો રમતા ત્રણ પંટરોને ક્રાઈમ બ્રાંચની ટીમે દબોચી લઈ રૂ.૬૧ હજારના કિંમતના મોબાઈલ કબજે કરી આઈડી આપનાર કેશોદના બે બુટલેગરની શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ એન.ડી.ડામોર, એ.એસ.આઈ.ફિરોજભાઈ કોન્સ્ટેબલ હિરેનભાઈ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. ત્યારે ચોક્કસ બાતમીના આધારે ૧૫૦ રીંગ રોડ પર મવડી ચોકડી પાસે જાહેરમાં મોબાઈલ ફોન પર ઓનલાઈન આઈડી વડે ઓસ્ટ્રેલિયા તથા વેસ્ટનસ્ટેન્ડીઝ વચ્ચે ચાલતી લાઈવ ક્રિકેટ મેચ પર ઓનલાઈન શોદા કરી જુગાર રમી પૈસાની હારજીત કરતો જયદીપ રમેશ પોપટ તથા સંજય મંગા ધ્રાંગયા તથા જીતેન્સિંહ ભુપેન્સિંહ સરવૈયા સહિત ત્રણ શખ્સોને દબોચી લઈ રૂ.૬૧ હજારની કિંમતના ચાર મોબાઈલ કબ્જે કરી આકરી પૂછપરછ કરતા કેશોદનો જયેશ રાકોલીયા અને હિતેશ ધોબી નામના બે બુકીઓએ ઓનલાઈન આઈડી આપી ક્રિકેટનો સટ્ટો રમાડતા હોવાની કબૂલાત આપતા પોલીસે કેશોદના બંને બુકીઓની શોધખોળ શરૂ કરી છે.



# દ્વારકામાં નશાયુકત ગોળીઓના જથ્થા સાથે બે શખ્સોની ધરપકડ

## ઝડપાયેલાં બંને શખ્સો સામે પોલીસે એન.ડી.પી.એસ. હેઠળ ગુનો નોંધ્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ દ્વારા ૧૦૦૦ નંગ નશાકારક ટેબલેટના મુદ્દામાલ સાથે પોલીસે બે શખ્સો ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવી છે.

આ અંગેની માહિતી મુજબ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશકુમાર પાંડેયની સૂચના તથા માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. ઈન્ચાર્જ પી.આઈ પી.સી.સિંગરખીયાના નેતૃત્વ હેઠળ ગત તા.૧૭ના રોજ એસ. ઓ.જી.ની લગત કામગીરી સબબ એસ. ઓ.જી.ઈન્ચાર્જ પી.આઈ સિંગરખીયા સ્ટાફ સાથે ખંભાળીયા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન સ્ટાફના પો.હેડ.કોન્સ. સુરેશભાઈ વાનરીયા તથા પો.કોન્સ. ખેતશીભાઈ મુનનાઓને સંયુક્તમાં મળેલ માહિતીના આધારે ઈરફાન ઉર્ફે બાપુ અલ્લારખા શેઠા નામના શખ્સે મોટા જથ્થામાં નશાકારક ટેબલેટની હેરાફેરી કરીને વેચાણ કરે છે જે આધારે જરૂરી કાર્યવાહી કરી એસ. ઓ.જી.ટીમ તથા પી.આઈ. ઝાલા દ્વારા ઈરફાન ઉર્ફે બાપૂ અલ્લારખા શેઠા નામના શખ્સના રહેણાંક મકાનના રૂમની તપાસ કરતા તપાસ દરમ્યાન કોઈપણ પરમીટ વગર વેચાણ અર્થે પોતાના કબ્જા ભોગવટામાં ચોક્કસ કંપનીની નશાકારક ટેબલેટ ૫૦૦ નંગ મળી આવેલ હતી. જે નશાકારક દવા આરોપી વિજય મથુરાદાસ ગોંડિયા પાસેથી છૂટક વેચાણ કરવા ખરીદ કરેલ હોવાની કબૂલાત આપી હતી. પોલીસે આરોપી વિરુદ્ધ નાર્કોટિકસ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબટન્સ એકટની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની વધુ તપાસ ઈન્ચાર્જ પી.આઈ ઝાલા દ્વારા હાથ ધરવામાં આવી હતી.

વધુમાં પોલીસ દ્વારા આગળની વધુ તપાસ દરમ્યાન આરોપી વિજય મથુરાદાસ ગોંડિયાના મકાનની ઝડતી તપાસ દરમ્યાન પણ ચોક્કસ કંપનીની નશાકારક ટેબલેટ ૫૦૦ નંગ કબ્જે કરવામાં આવી હતી. આમ કુલ ૧૦૦૦ નંગ નશાકારક ટેબલેટના મુદ્દામાલ સાથે પોલીસે ઉપરોક્ત બન્ને શખ્સોની વિધિવત રીતે ધરપકડ કરી આગળની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# સ્ટેટ મોનીટરીંગ સેલના દરોડા બાદ કોટડા સાંગાણીના પીએસઆઈ અને બે જમાદાર સહિત ચાર સસ્પેન્ડ

## ૧૫ દિવસથી માણેકવાડામાં જુગાર કલબ ધમધમતી હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોટડાસાંગાણીના માણેકવાડાના ફાર્મહાઉસમાં ધમધમતી જુગાર ક્લબ ઉપર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દરોડો પાડયાના ૨૪ કલાકમાં જ બેદરકારી દાખવનાર સ્થાનિક પીએસઆઈ, બે જમાદાર અને એક પોલીસમેનને તાત્કાલિક અસરથી રેન્જ આઈજીએ સસ્પેન્ડ કરી દીધા છે તેમજ ખાતાકીય તપાસનો ઓર્ડર કરી તેનો રીપોર્ટ આવ્યા બાદ વધુ આકરા પગલા લેવાશે તેવું એસપીએ જણાવ્યું હતું. સ્ટેટ મોનીટરીંગ સેલના પીઆઈ ખાંટ સહિતની ટીમને મળેલી બાતમી આધારે ગત સાંજે કોટડાસાંગાણી પોલીસ સ્ટેશન વિસ્તારના માણેકવાડામાં આવેલ મહેન્દ્રસીહ ભીખુભા



જાડેજાના ફાર્મહાઉસમાં ધમધમતી જુગાર ક્લબ ઉપર દરોડો પાડયો હતો દરોડા દરમિયાન રાજકોટ, ઉપલેટા, જસદણ, કાલાવડ, ઉપલેટા, જેતપુર, ગોંડલ અને જામકંડોરણાના ૧૭ તેમજ ફાર્મહાઉસ સંચાલક મળી કુલ ૧૮ લોકોની ધરપકડ કરી ૧૫ લાખની રોકડ, ૨૩ મોબાઈલ, ૬ વાહન સહીત ૯૪.૩૩ લાખનો મુદામાલ કબજે કર્યો હતો તેમજ ફાર્મહાઉસમાં જુગાર સાથે દારૂની સુવિધા પણ પૂરી પાડવામાં આવતી હોય દારૂની બે બોટલ અને બે બીયર મળી આવતા સંચાલક સામે અલગથી ગુનોનોંધ્યો હતો.

સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દરોડો પાડતા જ સ્થાનિક પોલીસને રેલો આવ્યો હતો પ્રાથમિક તપાસમાં આ ક્લબ ૧૫ દિવસથી ચાલતી હોવાનું જાણવા મળતા રેન્જ આઈજી અશોક યાદવએ તાત્કાલિક અસરથી બેદરકારી દાખવનાર કોટડાસાંગાણી પોલીસ સ્ટેશનના પીએસઆઈ બી ડી પરમાર, બીટ જમાદાર સંજય બાંભવા, મહીપાલસીંહ જાડેજા અને કોન્સ્ટેબલ અજયસિંહ જેઠવાને સસ્પેન્ડ કરવાનો હુકમ કર્યો છે આ અંગે જીલ્લા પોલીસવડા જયપાલસિહ રાઠોડએ જણાવ્યું હતુંકે તમામ સામે ખાતાકીય તપાસના આદેશ આપવામાં આવ્યા છે જેનો રીપોર્ટ આવ્યા બાદ વધુ આકરા પગલા લેવામાં આવશે.

# કોઠારિયા સોલવન્ટ પાસે યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં કોઠારીયા સોલ્વન્ટમાં હાઉસિંગ બોર્ડ ક્વાટર માં રહેતા વિનોદ ભાઈ રમ શભાઈ નામદે વ (ઉ.વ ૪ ૬ ) અ ગળાફાંસો ખાય આપઘાત કરી લેતા પરીવારમાં અરેરાટી મચી જવા પામી હતી. બનાવવાની જાણ આજીડેમ પોલીસને કરવામાં આવતા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. આધેડએ સવારે પોતાના રૂમમાં લોખંડના એંગલમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. પાડોશી જોઈ જતા ૧૦૮ ને જાણ કરતા ૧૦૮ની ટિમ બનાવના સ્થળે પહોંચી યુવકને જોઈ તપાસી મૃત જાહેર કરી આજીડેમ પોલીસને જાણ કરતા એ.એસ.આઈ. વી.બી. સુખાનંદી અને રાઈટર વિક્રમભાઈ બકુત્રા દોડી ગયા હતા અને મૃતદેહને પીએમ માટે સિવિલમાં ખસેડી જરૂરી કાર્યવાહી કરી હતી.જ્યારે તપાસમાં જાણવા મળ્યું હતું કે,મૃતક એકલા રહી જીવન ગુજરાન ચલાવતા હતા એકલવાઈ જિંદગીથી કંટાળી પગલું ભરી લીધાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

# પડધરીના મોવીયા ગામે વ્યાજખોરના ત્રાસથી કંટાળી પ્રૌઢનો આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પડધરીમાં મોવિયાના ઢોરા પાસે રહેતાં પ્રોઢે ધંધા માટે લીધેલ દોઢ લાખ રૂપિયાનું વ્યાજ ( ચૂકવી શકતાં વ્યાજખોરોના ત્રાસથી કાંટાળીને વણપરી ગામના પૂલ પાસે ઝેરી દવા ગટગટાવી લેતાં તેને સારવાર માટે રાજકોટ સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ અંગેની માહિતી મુજબ વ્યાજના વિશ ચક્રમાં ફસાયેલા સલીમ હાસમભાઈ શાહમદાર (ઉ.વ ૫૦) એ હોસ્પિટલના ખાટલેથી જણાવ્યું હતું કે, તેને છ મહિના અગાઉ પડધરીના સાજીદ ઓસામણ જુણેજા પાસેથી દોઢ લાખ ૧૦ ટકા વ્યાજે લીધા હતા. છેલ્લા બે મહિનાથી વ્યાજ ન ભરી શકતા સાજીદે પઠાણી ઉઘરાણી શરૂ કરી હતી. જેથી તેના ત્રાસથી કંટાળી બોપોરે વણપરી ગામના પૂલપાસે ઝેરી દવા પી લીધી હતી.પરિવારને ઘટનાની જાણ થતાં તાત્કાલિક સારવાર માટે ૧૦૮ દ્વારા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ પડધરી પોલીસે નિવેદન નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# એકતા સોસાયટીમાં મહિલા પર કાકાજી સસરાનો હુમલો

## વૈશાલીનગરમાં પાડોશી બે મહિલાએ ઝઘડો કરી સગીરાને ઢીબી નાંખી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા પરાપીપળીયામાં પારિવારિક ઝઘડામાં વચ્ચે પડેલી પરિણીતા ઉપર બે કાકાજી સસરાએ હુમલો કરી માર માર્યો હતો પરિણીતાને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ પરાપીપળીયામાં આવેલી એકતા સોસાયટીમાં રહેતી તેજલબેન રાહુલભાઈ કાનાણી નામની ૧૮ વર્ષની પરિણીતા પોતાના ઘરે હતી ત્યારે રાત્રિના દસેક વાગ્યાના અરસામાં કાકાજી સસરા દિનેશ અને સાગરે ઝઘડો કરી પથ્થર વડે માર માર્યો હતો પરિણીતાને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. પ્રાથમિક પૂછપરછમાં તેજલબેન કાનાણીના મામાજી સસરા તેમના ઘરે બેસવા આવ્યા હતા ત્યારે કાકાજી સસરા દિનેશ અને સાગરે ઝઘડો કર્યો હતો જે ઝઘડામાં વચ્ચે પડેલી તેજલબેન કાનાણી ઉપર બંને કાકાજી સસરાએ હુમલો કરી માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત બીજા બનાવમાં રૈયા રોડ ઉપર આવેલા વૈશાલીનગરમાં રહેતી અર્ચનાબેન વિપુલભાઈ પરમાર નામની ૧૪ વર્ષની સગીરા પોતાના ઘર પાસે હતી. ત્યારે રાત્રીના દસેક વાગ્યાના અરસામાં પાડોશમાં રહેતા ગીતાબેન, મમતાબેન અને પકા નામના શખ્સે ઝઘડો કરી માર માર્યો હતો. સગીરાને ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. પ્રાથમિક પૂછપરછમાં અર્ચનાબેન પરમારના ફઈના દીકરાના મકાનનું બાંધકામ ચાલુ છે ત્યાં હુમલાખોર ગીતાબેનનો દીકરો હેન્ડ્સ ફ્રી ભરાવીને બેઠો હતો ત્યારે અર્ચનાબેન પરમારે રેતીનું ટ્રેક્ટર આવતું હોવાથી દૂર જવાનું કહેતા માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# શહેરમાં સોશ્યલ મિડિયાના માધ્યમથી સગીરાને ફસાવી મળવા બોલાવી શખ્સે કરી છેડતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ટીનેજર્સને સોશ્યલ મીડિયા મારફ્ત ફસાવી હવસના પુજારીઓ શિકાર બનાવતા હોય છે ત્યારે વધુ એક કિસ્સામાં શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર એક વિસ્તારમાં રહેતા મહિલાએ વિશાલ રાજેશભાઈ ગોહિલ નામના શખસ સામે તેની ધોરણ ૧૦માં અભ્યાસ કરતી ૧૫ વર્ષીય દીકરીને ફસાવી, મારી નાખવાની ધમકી આપી છેડતી કરી બટકા ભરી લેતા યુનીવર્સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે પતિ ખેતીકામ કરે છે ગઈકાલે પોણા ચારેક વાગ્યે દીકરી ઘરે આવી છાસ લેવા ગઈ હતી અર્ધો કલાક સુધી પરત નહિ આવતા ફોન કરતા ફોન પણ સ્વીચ ઓફ આવતો હોય શોધખોળ કરવા છતાં મળી આવેલ નહિ જેથી સગા સંબંધીઓને જાણ કરી હતી દરમિયાન રાત્રે આંઠેક વાગ્યે દીકરી ઘરે આવેલ અને જોતા ડોક, હાથ અને બાવળાના ભાગે ઉજરડા જોવા મળતા તેણીને પૂછતાં તેણીને જણાવેલ કે વિશાલ રાજુભાઈ ગોહિલ સાથે ઈન્સ્ટાગ્રામ મારફ્ત વાતચીત થઇ હતી અને તેણે પોણા ચારે મળવા બોલાવતા હું ગઈ હતી અને તે બુલેટ લઈને કેકેવી ચોક આગળ અવરજવર ન હોય તેવી જગ્યાએ લઈ જઈ શરીરે બટકા ભરી છેડછાડ કરી હતી મેં ના પાડતા છરી દેખાડી તને કા તારી મમ્મીને આ છરીથી મારી નાખીશ તેવી ધમકી આપી હોવાનું અને પોતે બુલેટ લઈને ત્યાંથી જતો રહ્યા બાદ પોતે ચાલીને ઘરે પહોચી હોવાનું જણાવતા માતા પુત્રી એકલા જ રહેતાહોય બંને ડરી ગયા હતા અને સવારે ફરિયાદ કરવા પોલીસ સ્ટેશને પહોચ્યા હતા.

# સમજુતી કરારનું પાલન નહિ કરી પત્ની સામે છેતરપિંડી કરનાર પતિના આગોતરા જામીન રદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રહેતી પરણીતાને છૂટાછેડા આપી સમજૂતી કરાર કરેલા તેનું પાલન ન કરી પત્ની સાથે કરેલી છેતરપિંડિ અને વિશ્વાસઘાતની કરેલી ફરિયાદ માં પોલીસ ધરપકડની દેહશતથી પતિએ કરેલી આગોતરા જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે.જ્યારે સાસુ અને બે નણંદના આગોતરા જામીન શરતોને આધીન મંજૂર કરતો હુકમ કર્યો છે.



વધુ વિગત મુજબ શહેરમાં રહેતા અંજનાબેન નામની યુવતીના જગ્રેશભાઈ પનારા નામના યુવાન સાથે લગ્ન થયા હતા લગ્નજીવનથી એક પુત્રનો જન્મ થયો હતો. બાદ બંને વચ્ચે મનમેળ ન થતા છૂટાછેડા લેવાનો નિર્ણય કર્યો હતો. જેમાં ફરિયાદીને ભરણપોષણ આપવા નક્કી કરેલું જે રકમ ની અલગ અલગ સ્કીમો મા રોકાણ કરાવી અને તેમાં પતિ જીગ્રેશભાઈ સાથે પોતાનું નામ રાખ્યું હતું. તેમજ પત્ની અંજનાબેન તથા સગીર પુત્રને રહેવા માટે આપેલા ફ્લેટ ઉપર લોન લઈ હપ્તો ન ભરી છેતરપિંડી કર્યાં અંગેની ગાંધીગ્રામ પોલીસ મથકમાં અંજનાબેને પતિ જીગ્રેશ હસમુખભાઈ પનારા, સાસુ રેખાબેન હસમુખભાઈ પનારા, નણંદ ડિમ્પલબેન કાજલભાઈ બોસ્હા અને એક્તાબેન મિતેશભાઈ વડિયા સહિત ચારેય સામે ફરિયાદ નોંધાવી હતી. ચારેય શખ્સોએ પોલીસ ધરપકડની દહેશતથી સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ અલ્પેશભાઈ પોકિયા દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવા અને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના પ્રસ્થાપિત થયેલા ચુકાદાઓ ટાંકલા જે ધ્યાને લઈ સેશન્સ કોર્ટેએ જીગ્રેશભાઈ પનારા ની જામીન અરજી નામંજૂર કરી છે. જ્યારે સાસુ રેખાબેન પનારા, નણંદ ડિમ્પલબેન અને એક્તાબેન ની આગોતરા જામીન અરજી મંજૂર કરતો હુકમ કર્યો છે. આ કામમાં બચાવ પક્ષે એડવોકેટ તરીકે અલ્પેશભાઈ પોકિયા , વંદનાબેન રાજ્યગુરુ, અમિત ગડારા, કેતન સાવલિયા, ભાર્ગવ પંડયા, પરેશ મૃગ, ડેનીસ વિરાણી અને રિતેશ ટોપીયા રોકાયા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT